**આજનો સુવિચાર**

જો તમે દરેક પરિસ્થિતિમાં ખુશ છો તો તમે દુનિયાની સૌથી ખુશ વ્યક્તિ છો !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : 303 જૂનાગઢ તા.૦૫-૧૨-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 303, Junagadh : Date : 05 December, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## સંસદના બન્ને ગૃહોમાં ભારે ધમાલ : વિપક્ષના સાંસદોએ બ્લેક જેકેટ પહેરી, મોદી-અદાણી વિરૂધ્ધ સુત્રોચ્ચાર કર્યો

નવી દિલ્હી તા.૦૫ : સંસદના શિયાળુ સત્રના આજે આઠમા દિવસે વિપક્ષના સાંસદો બ્લેક જેકેટ પહેરીને સંસદ પહોંચ્યા હતા. તેમણે મોદી-અદાણી ચોર છે જેવા નારા લગાવ્યા. સંસદની છેલ્લી ૭ કાર્યવાહીમાં સંભલ હિંસા, મણિપુર હિંસા, ખેડૂતોની માંગણીઓનો મુદ્દો અને અદાણી કેસ સૌથી વધુ ચર્ચામાં રહ્યો હતો.

વિપક્ષના સાંસદો સાથે રાહુલ અને પ્રિયંકા ગાંધી પણ જોડાયા હતા. વિપક્ષના સાંસદોએ 'સ્કૂલ દેખો - અદાણી', 'સડકે દેખો - અદાણી', 'ઉપર દેખો - અદાણી, નીચે દેખો - અદાણી'ના નારા લગાવ્યા હતા.

રાહુલ ગાંધીએ વિરોધ દરમિયાન કહ્યું- શું તમે (સરકાર) ક્યારેય ઈન્વેસ્ટીગેશન કરાવશો? શું તમે તમારી પોતાની તપાસ કરી શકો છો? મોદીજી અદાણીજીની તપાસ કરાવી શકતા નથી. કારણ કે જો મોદી અદાણીની તપાસ કરાવશે તો તેઓ પોતાની તપાસ કરાવશે. મોદી અને અદાણી બે નહીં, એક જ છે.

## મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદે આજે સાંજે દેવેન્દ્ર ફડણવીસની શપથવિધી



નવી દિલ્હી, તા.૫: દેવેન્દ્ર ફડણવીસ આજે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે શપથ લેવા જઈ રહ્યા છે. તેઓ ત્રીજી વખત રાજ્યનું મુખ્યમંત્રી પદ સંભાળશે. મુંબઈના આઝાદ મેદાનમાં સાંજે ૫.30 કલાકે દેવેન્દ્ર ફડણવીસ શપથ લેશે. તેમની સાથે અજિત પવાર પણ ડેપ્યુટી સીએમ તરીકે શપથ લેશે. એકનાથ શિંદે પણ ડેપ્યુટી સીએમ તરીકે શપથ લઈ શકે છે, જો કે તે હજુ સ્પષ્ટ નથી. આ કાર્યક્રમમાં વડા-ધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહની સાથે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ પણ ભાગ લેશે.મંત્રાલય મહાયુતિના ત્રણ પક્ષો ભાજપ, શિવસેના અને એનસીપી વચ્ચે વહેંચાયેલું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ગૃહ મંત્રાલય ભાજપ પાસે રહેશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ભાજપને ૨૧-૨૨ વિભાગ, શિવસેનાને ૧૨ અને પવારને ૯-૧૦ વિભાગો મળી શકે છે.

### ગત રાત્રે હૈદરાબાદમાં

## પુષ્પા-ર ફિલ્મના સ્ક્રીનીંગ વખતે નાસભાગ મચી ગઈ : મહિલાનું મોત, 3 ગંભીર

હૈદરાબાદ તા.૦૫ હૈદરાબાદમાં અલ્લુ અર્જુનની ફિલ્મ 'પુષ્પા ૨'ના સ્ક્રિનિંગ દરમિયાન ભારે ભાગદોડ મચી ગઈ હતી. જેમાં એક મહિલાનું મોત થયું હતું. જ્યારે, ૩ લોકો ઘાયલ થયા હતા. પોલીસે જણાવ્યું કે અલ્લુ અર્જુન બુધવારે રાત્રે સંધ્યા થિયેટરમાં ફિલ્મના સ્ક્રીનિંગ માટે આવ્યો હતો. આરટીસી એક્સ રોડ પર થિયેટરની બહાર એકઠા થયેલા ચાહકો અલ્લુ અર્જુનને મળવા માંગતા હતા. આ દરમિયાન અચાનક નાસભાગ મચી ગઈ હતી. ધક્કા લાગવાને કારણે ઘણા લોકો એકબીજા પર પડ્યા હતા. કેટલાક લોકો ઘાયલ પણ થયા હતા. પોલીસે સ્થિતિને કાબૂમાં લેવા માટે હળવો લાઠીચાર્જ કર્યો હતો. ભીડ ઓછી થયા બાદ પોલીસે ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. તબીબે એક મહિલાને મૃત જાહેર કરી હતી.

### ગૃહમંત્રાલયે સંસદમાં ચોંકાવનારા આંકડા રજુ કર્યા

## ચાલુ વર્ષે સૈન્યના ૭30 જવાનોએ આત્મહત્યા કરી : ૫૫,000 સૈનિકોએ રાજીનામુ આપ્યું અથવા વીઆરએસ લીધું

નવી દિલ્હી, તા.૫: CAPF (સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સીસ) જેવા અર્ધલશ્કરી દળોના જવાનોમાં આત્મહત્યા કરવાની વૃત્તિ વધી છે. કામના લાંબા કલાકો અને ખૂબ જ ઓછી ઊંઘની મુશ્કેલી જેવી બાબતોને કારણે સૈનિકો માત્ર આત્મહત્યા જ નથી કરી રહ્યા પરંતુ તેમની સેવા પૂરી થાય તે પહેલા જ સ્વૈચ્છિક નિવૃત્તિ પણ લઈ રહ્યા છે. ગળહ મંત્રાલયે રાજ્યસભામાં જણાવ્યું કે આ વર્ષે ૭30 જવાનોએ આત્મહત્યા કરી છે. ૫૫,000 થી વધુ સૈનિકોએ કાં તો રાજીનામું આપ્યું છે અથવા VRS લીધું છે.

કેન્દ્ર સરકારના અહેવાલમાં જણાવાયું છે કે મોટાભાગના સૈનિકો અંગત કારણોસર આત્મહત્યા કરી રહ્યા છે. CAPF કર્મચારીઓમાં આત્મહત્યાના વધતા જતા બનાવોના કારણો શોધવા માટે રચવામાં આવેલી ટાસ્ક ફોર્સે જણાવ્યું હતું કે આત્મહત્યા કરનારા ૮૦ ટકાથી વધુ લોકોનું મૃત્યુ રજા પરથી ઘરેથી પરત ફર્યા બાદ થયું છે. આત્મહત્યાના અંગત કારણોમાં જીવનસાથી અથવા કુટુંબના સભ્યનું મૃત્યુ, વૈવાહિક વિખવાદ અથવા છૂટાછેડા, નાણાકીય મુશ્કેલીઓ અને બાળકો માટે અપૂરતી શૈક્ષણિક તકોનો સમાવેશ થાય છે.

## જૈસના આતંકવાદી મશુદ અઝહરે ભારતને ધમકી આપી વડાપ્રધાન મોદી-નેતાન્યાહુ વિરૂધ્ધ ઝેર ઓકયું

દુનિયાભરમાં આતંકવાદ ફેલાવવા માટે કુખ્યાત પાકિસ્તાનનો અસલી ચહેરો ફરી એકવાર સામે આવ્યો છે. આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદના ચીફ મસૂદ અઝહરે ૨૦ વર્ષ બાદ પહેલીવાર પોતાનું પ્રથમ સંબોધન આપ્યું છે. આ ભાષણમાં મસૂદે ભારત અને ઈઝરાયેલના વડાપ્રધાનો સામે ઝેર ઓક્યું હતું અને બંને દેશો સામે નવેસરથી જેહાદી અભિયાન શરૂ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. જો કે જૈશ-એ-મોહમ્મદે મસૂદ અઝહરે ક્યારે અને ક્યાં ભાષણ આપ્યું હતું તેની માહિતી આપી નથી.

## ઈતિહાસમાં પ્રથમવાર બીટકોઈનનો ભાવ ૧ લાખ ડોલરને પાર : ટ્રમ્પ ઈફેકટ

વોશિંગ્ટન તા.૦૫ : અમેરિકામાં આગામી મહિનેથી ડોનાલ્ડ ટ્રમ્પ શાસનના પ્રારંભ પુર્વે તેમની પ્રિય ક્રિપ્ટો કરન્સીમાં બિટકોઈન માટે હવે ખુબજ સારા દિવસો આવી રહ્યા હોવાના સંકેત છે. પ્રથમ વખત આ વર્ચ્યુઅલ કરન્સી ૧ લાખ ડોલરને પાર થઈ ગઈ છે. ૫.૯ ટકાની વૃદ્ધિ સાથે પ્રતિ બીટકોઈનનો ભાવ ૧૦૧૪૩૮.૯ ડોલર પહોંચી ગયો છે. અમેરિકામાં ટ્રમ્પના વિજયથી જ બીટકોઈનની પણ તેજી શરૂ થઈ હતી અને પ્રથમ વખત તે એક લાખ ડોલરને પાર થઈ છે.

**CARE+ LABORATORY**

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005

**અમારી બીજી બ્રાન્ચ**
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફલોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

**હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ**
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત ~~2870/-~~

**હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ**
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
+
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપૂર્ણ તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત ~~5050/-~~

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.


કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.30 થી બપોરના ૧૨.૦૦

કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.30 સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

**Ramdev** INSTITUTIONAL SPECIAL
SINCE 1965

હોટેલ, રેસ્ટોરન્ટ, કેટરિંગ, કેન્ટીન, નમકીન, ફરસાણ અને ફાસ્ટ ફૂડના વ્યવસાયી મિત્રો માટે ઈન્સ્ટિટ્યુશનલ પેકમાં ઉપલબ્ધ.

અત્યંત વ્યાજબી ભાવ, રામદેવ ક્વૉલિટીની ગેરંટી.

- મરચું, હળદર, ધાણા, ધાણાજીરૂ – 2kg, 5kg
- રેડ ગોલ્ડ કાશ્મીરી મરચું – 1kg
- સ્ટ્રોંગ હીંગ – 200g, 500g
- ગરમ મસાલા રેન્જ – 500g
- અચાર મસાલા – 500g, 1kg
- મિક્ષ પિકલ – 2kg, 5kg
- ખમણ, ઈડલી, ઢોકળા, ગુલાબ જામુન ઇન્સ્ટન્ટ મિક્ષ – 1kg
- અડદ પાપડ (સિંગલ મરી) – 1kg




For enquiries, please contact:
9327548534 ♦ 9875151801
(Time: 10 to 5)

રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ
www.ramdev.co.in
ipsales@ramdev.co.in
HORECA

**સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે**

અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

**મોરો સોપારી કટીંગ ૧ કિલોના ફકત રૂા.૬૦૦**
આ રીટેઈલ માટે છે

આ ખોટા વખાણ નથી હો.. આપ નજરે નિહાળો પછી તમે જ કહેશો કે વાહ..ભાઈ વાહ..

મોરો સોપારીનું કોરૂ કટીંગ તથા સ્પેશ્યલ નં.૧ સેકેલ સોપારીનું કટીંગ

સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે, જૂનાગઢ

મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:30 સુધી - સાંજે ૫ થી. ૮:30 સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં જન્મદિવસ નિમિતે હાર્દિક શુભેચ્છા...

**શુભમ્ હોસ્પિટલ**

અનુભવ
- 2004-2009 - સિવિલ હોસ્પિટલ, જૂનાગઢ.
- 2009-2022 - ચીફ પીડીયાટ્રીશીયન લાઈફકેર હોસ્પિટલ, જૂનાગઢ.
- 2022-Cont. - ચીફ પીડીયાટ્રીશીયન, શુભમ હોસ્પિટલ, જૂનાગઢ.
- 2020-Cont. - આસી. પ્રોફેસર, GMERS મેડીકલ કોલેજ, જૂનાગઢ.

NALS, PALS

વિશ્વની વિવિધ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનો અનુભવ.



ડો. કલ્પેશ કે. બાખલકીયા
(એમ.ડી. પીડીયાટ્રીકસ)
નવજાત શીશુ તેમજ બાળરોગ નિષ્ણાંત

Scan for Address

- ૧૮ વર્ષના અનુભવી એવા ડૉ. કલ્પેશ બાખલકીયાની દેખરેખ હેઠળ અત્યાધુનીક બાળકો તેમજ નવજાતશીશુ વિભાગ
- ૧૦ બેડની સુવિધાવાળુ, અત્યાધુનીક Level-3 NICU
- વેન્ટીલેટર (Simmense), મલ્ટીપેરા મોનીટર, LED ફોટોથેરાપી યુનીટ, CPAP, સેન્ટ્રલ મોનીટરીંગ સીસ્ટમ.
- ૨ અલગ NICU જેમાં Infection અને Non Infection દર્દીની અલગથી સુવિધા.
- અધુરા મહીને જન્મેલા (Premature) શ્વાસની તકલીફ વાળા (RDS), બર્થ એસ્ફેકસીયા, કમળો, ઈન્ફેકશન, જેવી બીમારીની અત્યાધુનીક સારવાર.
- ટેલીમેડીસીન દ્વારા વિશ્વની અત્યાધુનીક હોસ્પિટલો સાથે કોમ્યુનીકેશન તેમજ સારવારમાં સહયોગ.
- ૩૦ બેડની સુવિધા વાળો બાળરોગ વિભાગ
- જેમાં જનરલ રૂમ, સેમીસ્પેશીયલ તેમજ સ્પેશીયલ રૂમની સુવિધા.
- અત્યાધુનીક ડીલક્સ રૂમ કે જેમાં AC, TV (ઇન્ટરનેટ સુવિધા સાથે), ફ્રીઝ, ગીઝર, પર્સનલ કબાટ, જેવી લકઝરી સુવિધા.
- ૨૪ કલાક ઓન ડ્યુટી ડોકટરની હાજરી
- ક્વોલીફાઇડ સ્ટાફ કે જેમની દર્દી પર સતત ૨૪ કલાક દેખરેખ.
- વિશાળ પાર્કીંગ, ૨૪ કલાક સીક્યોરીટી, ફાયર સેફટી, સેન્ટ્રલ આર.ઓ. સિસ્ટમ, જનરેટરની સુવિધા.
- વિશાળ AC વેઈટીંગ એરીયા.
- ૨૪ કલાક લેબોરેટરી તેમજ મેડીકલ સ્ટોરની સુવિધા.

મુખ્યમંત્રી અમૃતમ (મા) આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી યોજનામાં (PM-JAY) કાર્ડ હેઠળ બાળકની સારવાર મફત
૦ થી ૨૮ દિવસ
અધુરા મહિને જન્મેલા, ઓછા વજનવાળા, ચેપ લાગેલા, વેન્ટીલેટરની જરૂર હોય તથા તમામ પ્રકારના નવજાત શિશુ રોગોનું નિદાન તથા સારવાર કાર્ડ હેઠળ મફતમાં કરવામાં આવશે.
જરૂરી ડોકયુમેન્ટ : માતા તથા પિતાનું કાર્ડ આયુષ્માન ભારત કાર્ડ (PM-JAY)

શુભમ હોસ્પિટલ કોમ્પલેક્ષ, બાયપાસ રોડ, ઝાંઝરડા ચોકડી નજીક, જૂનાગઢ.
મો. ૮૧૫૬૦ ૭૦૦૦૦, ઇમરજન્સી મો. ૯૭૧૨૧ ૯૪૫૯૯



# ગીર સોમનાથ જીલ્લામાં ૬૦ કિલોમીટરના વિસ્તારમાં ૩ ટોલપ્લાઝા બનાવી દેવાના અંગે રજુઆત કરાઈ

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૫

ગીર સોમનાથની હદમાંથી પસાર થતા નેશનલ હાઈવે ઉપર NHAI દ્વારા ૬૦ કિલોમીટરના વિસ્તારમાં કુલ ત્રણ ટોલ પ્લાઝા બનાવી દેવામાં આવેલ છે જે નિયમ વિરૂદ્ધના છે. જે હટાવવા બાબતે સામાજીક એકતા જાગૃતિ મિશન દ્વારા રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તેમજ કેન્દ્રીય મંત્રી નીતીન ગડકરી સમક્ષ રજુઆત કરવામાં આવેલ હતી. જેના અનુસંધાને NHAIના ભાવનગર વિભાગના પ્રોજેક્ટ ડાયરેક્ટર દ્વારા આપણા સમક્ષ લેખિતમાં ખુલાસો કરવામાં આવ્યો છે, જેમાં તેઓ જણાવે છે કે ડારીનું ટોલ પ્લાઝા નેશનલ હાઈવે નંબર ૧૫૧ ઉપર છે, જ્યારે સુંદરપુરા અને વેળવાના બંને ટોલ પ્લાઝા નેશનલ હાઈવે નંબર ૫૧ ઉપર છે. હવે જો ડારી માટેનો નેશનલ હાઈવે અલગ છે, તો એ બાબતે કોઈ ઈશ્યુ નથી પરંતુ સુંદરપુરા અને વેળવા તો બંને એક જ નેશનલ હાઈવે ઉપર છે અને આ બંને ટોલ પ્લાઝા વચ્ચેનું અંતર ફક્ત ૪૧ કિલોમીટર જ છે, આમ છતાં આ બંને જગ્યાએ ગેરકાયદેસર રીતે ટોલ કેમ વસુલવામાં આવી રહ્યો છે ? આ સવાલનો જવાબ પ્રોજેક્ટ ડાયરેક્ટર પાસે નથી, કારણ કે તેઓ તદન ખોટા છે, એમણે નિયમ વિરૂદ્ધ ટોલ પ્લાઝા ઉભા કરી દીધા છે અને ગેરકાયદેસર રીતે ટોલ વસૂલી રહ્યા છે, પરંતુ અમે એમની આ લુંટ બંધ કરાવીને જ જંપીશું, યાદ રાખજો.

# નકલી EDની ટીમ વેપારીઓને શિકાર બનાવતી હતી, ૮ આરોપી ઝડપાયા

## ગાંધીધામ તેમજ આસપાસના વિસ્તારના વેપારીઓ અને ઉદ્યોગપતિઓને શિકાર બનાવ્યા

ગાંધીધામ,તા.૫

ગુજરાત સહિત સમગ્ર દેશમાં નકલી અધિકારીઓ બનીને લોકોને ફસાવવાની અનેક ઘટનાઓ બની છે, આજ પ્રકારની વધુ એક ઘટના કચ્છમાંથી બહાર આવી છે. આ વખતે એન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટની નકલી ટીમ બનાવીને મોટા વેપારી અને ઉદ્યોગપતિઓને ધમકાવી તોડ કરતી ગેંગના સભ્યોને ઝડપી લેવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે. EDની નકલી ટીમ પકડાતાં AAPના ગોપાલ ઈટાલિયાએ મજાકમાં એક્સ પોસ્ટ પર લખ્યું હતું કે મને તો આજ અસલી લાગે છે, કમસે કમ આ લોકોએ તો ગુજરાતમાં દરોડા પાડવાની હિંમત કરી.

અલબત્ત, સૂત્રોનો દાવો છે કે ઈડીના નકલી ઓફિસર બનીને આ ફ્રોડ લોકોએ ગાંધીધામ તેમજ આસપાસના વિસ્તારના વેપારીઓ અને ઉદ્યોગપતિઓને શિકાર બનાવ્યા છે. નકલી PMOના અધિકારી, જજ, વકીલ,પોલીસ, ટીચર, આચાર્ય વગેરે જેવી ઘટનાઓ બાદ આખી નકલી ED કાર્યરત હોવાનું પૂર્વ કચ્છ પોલીસના ધ્યાનમાં આવતાં એમાં સંડોવાયેલા અમદાવાદની બે વ્યક્તિ, ભુજમાંથી એક તેમજ અન્ય જગ્યાએથી કુલ મળીને આઠથી વધુ લોકોને ઉપાડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.આ અંગે સૂત્રોમાંથી પ્રાપ્ત માહિતી મુજબ, પૂર્વ કચ્છની લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને એ ડિવિઝન પોલીસની સંયુક્ત કામગીરીમાં નકલી અધિકારી અને કર્મચારી બનીને લોકો પાસે પૈસા પડાવતા કુલ ૮ જેટલા ઈસમોને અલગ અલગ સ્થળેથી ઝડપી લીધા હોવાની પ્રાથમિક વિગતો પ્રાપ્ત થઈ રહી છે. પકડાયેલા ઈસમોમાં ગાંધીધામ, ભુજ અને અમદાવાદ ઉપરાંત રાજ્યના જુદા-જુદા વિસ્તારોમાંથી નકલી ઈડીના અધિકારીઓ બનીને ફરતા ઈસમોને ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસ દ્વારા હજુ સુધી આ મામલે કોઈ સત્તાવાર વિગતો બહાર પાડવામાં આવી નથી, જોકે આ મામલે અંજાર વિસ્તારના નાયબ પોલીસવડા મુકેશ ચૌધરી સાથે વાત કરતાં તેમણે બનાવને સમર્થન આપ્યું હતું અને એલસીબી તથા ગાંધીધામ એ ડિવિઝન પીઆઈ દ્વારા આ મામલે દરોડો પાડવામાં આવ્યો હોવાનું કહ્યું હતું, જોકે સચોટ માહિતિ માટે તેમણે કાર્યવાહી કરનારા અધિકારીઓનો સંપર્ક સાધવા જણાવ્યું હતું, પરંતુ બન્ને અધિકારીના સેલફોન નો રિપ્લાય થયા હતા.ગત વર્ષે ઓગસ્ટમાં અમદાવાદમાં ED અધિકારી હોવાનું કહીને એક ઠગે ૧.૫૦ કરોડ રૂપિયાની ઠગાઈ આચરી હતી. નકલી ED અધિકારી ઓમવીરસિંહે બોગસ આઈકાર્ડ બનાવ્યું હતું.

જેમાં આઈ.આર.એસ, એડિશનલ ડાયરેકટર એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટ, મિનિસ્ટ્રી ઓફ ફાઈનાન્સ અને ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા લખેલું હતું. જેના આધારે એક વેપારીને ટેન્ડર અપાવાની લાલચ આપી ૧.૫૦ કરોડ પડાવ્યા હતા. નકલી ED અધિકારી બની ઓમવીરસિંહ બોપલ-આંબલી રોડ પર બંગલો ભાડે લેવાનો હોવાથી એજન્ટનો સંપર્કમાં કર્યો હતો. આરોપીની સેટેલાઈટ પોલીસે ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં સામે ખૂલ્યું હતું કે, ઠગાઈના પૈસા મોજશોખમાં ઉડાવ્યા હતા.

# જેતપુરના નવાગઢમાં યુવકનું અપહરણ કરી ઘણના ઘા મારીને હાથ પગ ભાંગી નાંખ્યા !

## યુવતિએ પોતે સમીર સાથે જ લગ્ન કરશે તેમ કહી દેતાં તેના પરિવારજનોને તેના પર સિતમ ગુજાર્યો હતો

જેતપુર તા.૪

જેતપુરના નવાગઢમાં પ્રેમ પ્રકરણમાં યુવકને ઉઠાવી જઈને, ઘણનાં ઘા મારીને હાથ પગ ભાંગી નાખ્યા હોવાની ઘટના સામે આવી છે. યુવકને પ્રેમ કરતી યુવતીએ બીજે લગ્ન કરવાની ના પાડતાં, તેના પરિવારજનો વિફર્યા હતા અને પ્રેમી યુવાનનું ગત રાતે અપહરણ કરી ગામના ઈલાહી ચોકમાં લાવી ફિલ્મી ઢબે ઘેરી લઈ પાઈપ, ધોકાથી બેફામ ફટકાર્યા બાદ લોખંડના ઘણના ઘા મારી હાથ-પગ ભાંગી નાંખતા ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. નવાગઢ હુશેની ચોકમાં રહેતાં સમીર આબીદભાઈ ખેરાણી (ઉ.૨૧)ને રાતે ગામના રોડ પર સાળંગ પૂલ પાસે હતો ત્યારે ત્યાં અજાણ્યાઓએ આંતરી મારકુટ કરી બાઈકમાં અપહરણ કરી નવાગઢના ઈલાહી ચોકમાં લાવ્યા હતા. બઅહિ સલિમભાઈ, અલ્તાફભાઈ, મહેબૂબભાઈ સહિતનાએ પાઈપ-ધોકાથી બેફામ ફટકારતાં ગંભીર ઈજાઓ થઈ હતી. તેને ઘણના ઘા મારવામાં આવ્યા હતા. સમીરે પોલીસને જણાવ્યું હતું કે, એકાદ વર્ષ પહેલા ગામની જ યુવતી સાથે મારે સ્નેપચેટથી પરિચય થયો હતો. અમે બંને લગ્ન કરવા ઈચ્છતા હતાં. એક જ જ્ઞાતિ હોઈ તેના પરિવારજનો માની જશે તેમ લાગતાં મેં મારા પરિવારને વાત કરી હતી. પણ એ લોકોએ શાદીની ના કહી દીધી હતી અને પોતાની દિકરીના બીજા યુવાન સાથે લગ્ન કરાવવા મુરતીયો શોધવાનું ચાલુ કર્યું હતું.

પણ યુવતિએ પોતે સમીર સાથે જ લગ્ન કરશે તેમ કહી દેતાં તેના પરિવારજનોને તેના પર સિતમ ગુજાર્યો હતો. ફરિયાદમાં જણાવ્યા મુજબ, સોમવારે રાતે હું દૂકાન બંધ કરીને બાઈક પર ઘરે આવી રહ્યો હતો ત્યારે રસ્તામાં સાળંગ પૂલ પાસે ઝાડીમાંથી ત્રણ બીજા શખ્સો ધોકા સાથે ધસી આવ્યા હતાં અને કંઈપણ બોલ્યા વગર મને ધોકાવાળી કરી હતી. દરમિયાન કોઈ શખ્સ લોખંડનો મોટો ઘણ (હથોડો) લાવેલો અને તેનાથી મારા પગ પર ઘા કરતાં હાડકાના ભૂક્કા થઈ ગયા હતાં.

# ખંભાળિયામાં બ્રહ્મદેવ સમાજની બેઠક યોજાઈ : મોટી સંખ્યામાં ભૂદેવો જોડાયા



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૫

ખંભાળિયામાં આવેલી રાજ્ય પુરોહિત જ્ઞાતિને બ્રહ્મપુરી ખાતે તાજેતરમાં બ્રહ્મદેવ સમાજ જામ ખંભાળિયા રાષ્ટ્રીય મહાસચિવ મિલનભાઈ શુકલના અધ્યક્ષ સ્થાને ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બ્રહ્મદેવ સમાજના પ્રદેશ કારોબારી સદસ્ય વિરેનભાઈ એવા જ પ્રદેશ કારોબારી સદસ્ય કશ્યપભાઈ, શહેર સંગઠન મંત્રી મનીષભાઈ, મંત્રી દિપકભાઈ, શહેર પ્રમુખ કપિલભાઈ તેમજ જામનગરથી મહિલા ટીમ પણ આ બેઠકમાં ખાસ ઉપસ્થિત રહી હતી. આ પ્રસંગે ખંભાળિયા તાલુકા યુવા બ્રહ્મદેવ સમાજના પ્રમુખ તરીકે ખંભાળિયા બ્રહ્મ સમાજના યુવા આગેવાન વિજય મુકેશભાઈ ખેતિયાની વરણી કરવામાં આવી હતી. આ મિટિંગમાં ઉપસ્થિત રહેલા તમામ લોકોએ આ વરણીને આવકારી, નવનિયુક્ત પ્રમુખને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ખંભાળિયા તથા આજુબાજુ ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં ભૂદેવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ખંભાળિયા રાજ્ય પુરોહિત બ્રાહ્મણ જ્ઞાતિના પ્રમુખ અનિલભાઈ ખેતિયા, મહામંત્રી કિરીટભાઈ ખેતિયા, ખંભાળિયા શહેરના બ્રહ્મ સમાજના પ્રમુખ જીતુભાઈ મોતા, શંકરભાઈ ખેતિયા સહિતના અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલીમાં એક ફિલ્મી ઘટના બની

# અમરેલીમાં ૪ વર્ષની ઉંમરે અપહરણ કરાયેલ બાળક ૨૪ વર્ષ બાદ તેના પરિવારને મળ્યો

## બે મહિના પહેલા તેણે પોરબંદરના એક યુટ્યુબરની મદદ લીધી હતી જે બાદ તે તેના પરિવારને શોધવામાં સફળ રહ્યો હતો

અમરેલી,તા.૫

ગુજરાતના અમરેલીમાં એક ફિલ્મી ઘટના બની છે. અમરેલીમાં ૪ વર્ષની ઉંમરે અપહરણ કરાયેલ બાળક ૨૪ વર્ષ બાદ તેના પરિવાર સાથે મળી આવ્યો છે. જ્યારે આ બાળકનું અપહરણ થયું ત્યારે સમગ્ર ગુજરાતમાં તેની ચર્ચા થઈ હતી. સમગ્ર ગુજરાત પોલીસે બાળકને શોધવામાં ખાસ્સી જહેમત ઉઠાવી, પરંતુ બાળક મળ્યું ન હતું. માતા-પિતાએ પણ બાળકને શોધવાની આશા છોડી દીધી હતી. બાળકનું અપહરણ થયાને ૨૪ વર્ષ વીતી ગયા હતા, જેના કારણે માતા-પિતાએ પણ પુત્ર પરત આવવાની આશા છોડી દીધી હતી. જોકે આટલા વર્ષો બાદ પરિવારને તેમનું બાળક પાછું મળ્યું છે.

ઘટના એવી છે કે પ્રફુલ નામનો યુવક તેના માતા-પિતાની શોધમાં હરિયાણાથી ગુજરાત પહોંચ્યો હતો. હરિયાણામાં તેના પાલક માતા-પિતાના અવસાન પછી અને તેમનો વ્યવસાય બંધ થયા પછી, તે તેના વાસ્તવિક માતાપિતાની શોધમાં ગુજરાત આવ્યો.

તે બે વર્ષથી સુરતમાં રહેતો હતો અને તેના માતા-પિતાને શોધતો હતો. પરંતુ, તે તેના માતા-પિતાને મળ્યો ન હતો. જે બાદ બે મહિના પહેલા તેણે પોરબંદરના એક યુટ્યુબરની મદદ લીધી હતી. જે બાદ તે તેના પરિવારને શોધવામાં સફળ રહ્યો હતો.

વર્ષ ૨૦૦૨માં અમરેલીના મણિનગરમાં રહેતા જીતેન્દ્ર અઢિયાનો ૪ વર્ષનો પુત્ર નજીકમાં રહેતા તેના કાકાના ઘરે જવાની જીદ કરવા લાગ્યો હતો. કાકાનું ઘર થોડે દૂર હોવાથી માતાએ બાળકને ત્યાં એકલો મોકલી દીધો. જોકે, બાળકને મોકલ્યા બાદ તે ક્યારેય જોવા મળ્યો ન હતો. આ ઘટના ૧૦ માર્ચ ૨૦૦૦ના રોજ બની હતી. રસ્તા પરથી કોઈએ બાળકનું અપહરણ કર્યું હતું. આ ઘટનાએ ગુજરાતમાં મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું. સમગ્ર તંત્ર બાળકને શોધવામાં વ્યસ્ત હતું. શહેરમાં અનેક વિરોધ પ્રદર્શનો થયા, તપાસ માટે અનેક ટીમો બનાવવામાં આવી. જો કે બાળક મળ્યું ન હતું. જો કે બાળકનો હવે પુખ્ત બની ગયેલા વ્યક્તિનો ડીએનએ ટેસ્ટ કરવામાં આવશે.

# જામનગરમાં આરોપીએ ૧૧ વિઘા સરકારી જમીન પર ગેરકાયદેસર બાંધકામ કરાતાં તોડી પડાયું

## ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરીને જમીન હડપવાની કોષિશ કરવામાં આવી

જામનગર,તા.૫

જામનગરગ્રામ્ય તાલુકા પોલીસ મથકની નજીક થાવરીયા ગામની નજીક આવેલી સરકારી ગૌચરની જમીનમાં સર્વે નં. જૂના ૪૦૦/પૈકી ૨૬ જેના નવા સર્વે નં. ૮૭૩ ખાતે દબાણકર્તા હુશેનભાઈ ગુલમામદ શેખનાઓએ ૧૧ વિઘા જમીનમાં અશદ ફાર્મ હાઉસ તથા તાર ફેન્સિંગ કરીને દબાણ કર્યું છે.

દબાણકર્તા હુશેનભાઈ ગુલમામદ શેખ દ્વારા ગેરકાયદેસર દબાણ કરીને સરકારી ગૌચર જમીન પર કબજો જમાવ્યો હતો. દબાણકર્તા પર નવેમ્બર મહિનામાં સીટી એ પોલીસ સ્ટેશનમાં NDPS, બળાત્કાર, આર્મ્સ એક્ટ, તથા પ્રોહીબિસન સહિતના ૦૭ ગુના નોંધાયા છે. આરોપી હજી મળી આવ્યો નથી, તેની શોધખોળ ચાલી રહી છે. પોલીસ આરોપીને શોધીને આગળની કાર્યવાહી કરીને તપાસ કરાશે. હાલમાં જામનગરમાં ગેરકાયદેસર બાંધકામો અને જમીનો પર દબાણકર્તાઓ પર તવાઈ બોલાવવામાં આવી છે.

જામનગરમહાનગર પાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા શહેરમાં વધતાં દબાણોને દૂર કરવામાં આવી રહ્યા છે. આજે સવારે G. G. HOSPITAL નજીકના સ્થળોથી ગેરકાયદેસર દબાણો અને સામેની તરફ આવેલી દૂકાનોના દબાણો દૂર કરવામાં આવ્યા છે. એસ્ટેટ વિભાગે કર્મચારીઓ સાથે રાખીને શહેરમાં અલગ અલગ વિસ્તારોમાં દબાણો હટાવવા જહેમત ઉઠાવી છે.

# PGVCL કસ્ટમર કેર સેન્ટરમાં કર્મચારી ઊંઘતો હોવાનો VIDEO વાયરલ થયો

## સમગ્ર મામલે MD એ તપાસના આદેશ આપ્યા છે અને આ ઘટનાની પુષ્ટિ થતાં તમામ કર્મચારી સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવાની વાત કરી છે

રાજકોટ ,તા.૫

રાજકોટમાં PGVCLના કસ્ટમર કેરનો વીડિયો સામે આવ્યો છે. જ્યાં કામ કરતાં કર્મચારીઓ ઊંઘતા ઝડપાયા છે. સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જે રાજકોટના કનક રોડ પર આવેલા કસ્ટમર કેરનો હોવાનું સામે આવ્યું છે. એકબાજુ ગ્રાહકો દ્વારા PGVCLના કસ્ટમર કેર ઑફિસમાં ફોન ન ઉપાડતાં હોવાની ફરિયાદો સામે આવી હતી. બીજી બાજુ રાત્રે કોન્ટ્રાકટ બેઝ્ડ કર્મચારીઓ ખુરશી પર ઊંઘ લેતાં ઝડપાયા છે. સમગ્ર મામલે MD એ તપાસના આદેશ આપ્યા છે અને આ ઘટનાની પુષ્ટિ થતાં તમામ કર્મચારી સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવાની વાત કરી છે.

આ વીડિયો રાજકોટ શહેરના કનક રોડ પર આવેલા કસ્ટમર કેરનો હોવાનું સામે આવ્યું છે. પરંતુ, વીડિયો કઈ તારીખનો છે તે વિશે હજુ જાણ થઈ શકી નથી. આ બાબતે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. સમગ્ર માહિતિ વિશે તપાસ બાદ તમામ જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે.

નોંધનીય છે કે, આજથી પાંચ મહિના પહેલાં પણ આ જ પ્રકારનો એક વીડિયો વાયરલ થયો હતો. જોકે, આ વીડિયોની હકીકત હજુ સામે નથી આવી કે, આ વીડિયો એક-બે મહિના જૂનો છે કે, લેટેસ્ટ છે. જોકે, સમગ્ર મામલાની ખાતાકીય તપાસ દરમિયાન જો કોઈ ગેરરીતિ સામે આવે છે, તો તમામની વિરુદ્ધમાં કડક પગલાં લેવામાં આવશે. મળતી માહિતી મુજબ PGVCL દ્વારા આ કસ્ટમર કેરનો કોન્ટ્રાક્ટ બેસ્ટ એજન્સી નામની પેઢીને આપવામાં આવ્યો હતો. ત્યારે જો સમગ્ર મુદ્દે કોઈ ગેરરીતિ સામે આવે છે તો કોન્ટ્રાક્ટર વિરુદ્ધ કાર્યવાહી કરાશે કે કેમ તે એક મોટો પ્રશ્ન છે.

## જૂનાગઢ ખાતે પણ આ પ્રકારના ત્રણ જેટલા ગુના નોંધાયા

# પાટણમાં ક્રિપ્ટો કરન્સીના નામે સાઈબર ફ્રોડ, ૩૩ લાખની ઠગાઈ કરનાર ઝડપાયો

## ફ્રોડ કરનાર મહાઠગ અજય આનંદભાઈ ઈટાલિયાને પાટણની સાઈબર સેલની ટીમે ઝડપ્યો

૬૭ પાટણ,તા.૫

પાટણમાં ક્રિપ્ટો કરન્સીના નામે સાઈબર ફ્રોડ કરનાર ઝડપાયો છે. ટેલિગ્રામમાં ટાસ્ક બિઝનેસમાં રોકાણ કરવાની લાલચ આપીને ૩૩ લાખથી વધુ રકમનું સાઈબર ફ્રોડ કરનાર મહાઠગ અજય આનંદભાઈ ઈટાલિયાને પાટણની સાઈબર સેલની ટીમે ઝડપ્યો છે. અજય ઈટાલિયા સુરતનો વતની છે. તેણે અગાઉ પણ આ પ્રકારના કૌભાંડ આચર્યા હોવાનું ધ્યાનમાં આવ્યું છે. અગાઉ સુરત અને જૂનાગઢ ખાતે પણ આ પ્રકારના ત્રણ જેટલા ગુના નોંધાયાનું પ્રકાશમાં આવ્યું છે.

ફરિયાદીના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો અને તેની સાથે ટેલિગ્રામમાં ટાસ્ક પૂરો કરવાની વોટ્સએપથી વાતચીત કરી હતી. અને ક્રિપ્ટો કરન્સીમાં ટ્રેડીંગ કરાવી મોટી રકમનું કમિશન કમાવવાની લાલચ આપી હતી, જેના વિશ્વાસમાં આવી ફરિયાદીએ રૂ. ૩૩ લાખ અલગ અલગ બેંક એકાઉન્ટમાંથી આર.ટી.જી.એસ, યુપીઆઈ, નેટ બેકિંગથી ટ્રાન્સફર કરાવી તેમાંથી ફરીયાદીને વિશ્વાસ કેળવવા રૂ. ૧૪૯૬૧ પરત આપ્યા હતા અને બાકીના કુલ રૂા.૩૩,૦૮,૪૧૮ નું ઓનલાઈન સાયબર ફ્રોડ કર્યું હતું, જે અંગેની ફરિયાદ ફરિયાદીએ પાટણ સાયબર સેલમાં નોંધાવી હતી.

આ પ્રકરણમાં આરોપી અજયએ પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જણાવ્યું હતું કે, તે બેંક ખાતા ધારકને કમિશનની લાલચ આપી બેંક ખાતા ભાડે લેતો હતો અને તે ગુજરાતમાં એક્ટિવ કરાવી ભારત બહાર મોકલાવી તે બેંક ખાતાઓમાં લોકોને ટેલિગ્રામ ચેનલ મારફતે ટાસ્કના બિઝનેસમાં ઈન્વેસ્ટ કરવાની લાલચ આપી છેતરપિંડીનો શિકાર બનાવતો હતો.

# જૂનાગઢમાં ઘઉંમાં નાખવાના ટીકડા પી જતા યુવતીનું મોત

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૫

જૂનાગઢના મધુરમ બાયપાસ નજીક આવેલ વિનાયક ટાઉનશીપમાં રહેતા પરીવારની પુત્રીને સારી નોકરી ન મળતા ઘઉમાં નાંખવાના ટીકડા પી જતા યુવતીનું મોત નિપજયાનું સી ડીવીઝન પોલીસ મથકે નોંધાયું છે. પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડીવીઝન પોલીસ મથકે અક્ષયભાઈ ધર્મેન્દ્રભાઈ મેરવડાએ જાહેર કરેલ કે પોતાની મૃતક બહેન દિવ્યાબેન(ઉ.વ.૨૩)ને સારી પગાર વાળી નોકરી મળતી ન હોવાથી પોતાની મેળે ઘઉંમાં નાખવાના ટીકડા પી લેતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# લાંબા ગામે અનધિકૃત રીતે ગેસનું રિફિલિંગ કરતા શખ્સ સામે કાર્યવાહી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૫

કલ્યાણપુર તાલુકાના લાંબા ગામે રહેતા ચંદ્રકાંતભાઈ ઉર્ફે ચિરાગભાઈ ભગવાનજીભાઈ કાનાણી નામના ૩૭ વર્ષના યુવાન દ્વારા પોતાના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર રીતે રાંધણ ગેસ ભરેલા બાટલામાં રહેલો ગેસ ખાલી કરીને અન્ય બાટલામાં રિફિલિંગ કરી, અને તેનું અનઅધિકૃત રીતે વેચાણ કરવામાં આવતું હોવાનું ખુલવા પામ્યું છે. જોખમી રીતે તેમજ કોઈપણ પ્રકારના સલામતીના સાધનો વગર અહીં થતી આ પ્રવૃત્તિ સામે એસ.ઓ.જી. પોલીસે કડક કાર્યવાહી કરી, આ સ્થળેથી પાંચ જેટલા ગેસ સિલિન્ડર ઉપરાંત ઈલેક્ટ્રીક મોટર, રબરની પાઈપ, રેગ્યુલેટર, લોખંડની નોઝલ વિગેરે મળી કુલ રૂપિયા ૧૭,૧૦૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ પ્રકરણમાં એસ.ઓ.જી. વિભાગના એ.એસ.આઈ. ભીખાભાઈ ગાગીયાની ફરિયાદ પરથી કલ્યાણપુર પોલીસે ચંદ્રકાંતભાઈ ઉર્ફે ચિરાગભાઈ કાનાણી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૮૭ મુજબ ગુનો નોંધી, આગળની કાર્યવાહી કરી હતી.

# કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ૭ ડિસેમ્બરે એક દિવસના ગુજરાત પ્રવાસે

## ત્રણ કાર્યક્રમોની અંદર અમિત શાહ મુખ્ય મહેમાન તરીકે હાજરી આપશે

અમદાવાદ,તા.૪

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહનો વધુ એક દિવસના પ્રવાસનું આયોજન ગુજરાતમાં થઈ રહ્યું છે. જે અંતર્ગત કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ શુક્રવારે મોડી રાત્રે અમદાવાદ પધારશે અને શનિવાર એટલે કે ૭ ડિસેમ્બરના રોજ ત્રણ કાર્યક્રમની અંદર અમિત શાહ મુખ્ય મહેમાન તરીકે હાજરી આપશે. જેમાં સૌ પ્રથમ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સાત ડિસેમ્બરના રોજ સિંધુ ભવન રોડ પર આવેલ અને બોડકદેવ ખાતે તૈયાર થયેલી ગ્લોબલ હોસ્પિટલ ના લોકાર્પણ પ્રસંગમાં હાજરી આપશે. મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલનું અમિત શાહ અમદાવાદ વાસીઓને ભેટ આપશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ જે હોસ્પિટલનું લોકાર્પણ કરશે તેમાં ગેસ્ટ્રોલોજી, કાર્ડિયોલોજી, પ્લાસ્ટિક સર્જરી, રેડિયોલોજી, ડેન્ટલ અને પેથોલોજી સહિતની સુવિધા પૂરી પાડતી હોસ્પિટલ છે.

# જૂનાગઢ જીલ્લામાં પલ્સ પોલીયો રસીકરણ અભિયાન અંતર્ગત અંદાજે ૧,૦૩,૭૫૦ બાળકોને પોલીયોની રસી પીવડાવી રક્ષિત કરવાનું મહા અભિયાન



જૂનાગઢ, તા.૫

આપણો દેશ વર્ષ ૨૦૧૪માં પોલીયો મુક્ત જાહેર કરવામાં આવેલ છે. ભારત પોલીયો મુક્ત છે, પરંતુ હજુ પણ કેટલાક દેશોમાંથી પોલીયો નાબુદ ન થયો હોવાથી તે ફરીથી ફેલાવાની શક્યતા રહેલી છે. જેથી ભારત દેશને પોલીયો મુક્ત બનાવી રાખવા માટે સરકારશ્રી દ્વારા પોલીયો રસીકરણ અભિયાન ચલાવવામાં આવે છે. જે અંતર્ગત જૂનાગઢ જિલ્લાના તમામ ગામો અને શહેરોમાં પલ્સ પોલીયો રસીકરણ અભિયાન અંતર્ગત ૦ થી ૫ વર્ષના અંદાજે ૧,૦૩,૭૫૦ બાળકોને તા.૮/૧૨/૨૦૨૪ ને રવિવારના રાઉન્ડ દરમ્યાન દરેક ગામે પોલિયોના કુલ ૭૬૬ સ્થાયી બુથ બનાવીને પોલિયોની રસી પીવડાવવામાં આવનાર છે. તેમજ છુટા છવાયા વિસ્તારોમાં રહેતા કુટુંબોના બાળકોને ૨૨ મોબાઈલ બુથ દ્વારા અને રેલ્વે સ્ટેશનો, એસ.ટી. સ્ટેન્ડ, મોટા મંદિરો, મેળા બજારો જેવા જાહેર સ્થળોએ ૩૯ ટ્રાન્ઝીટ બુથો ગોઠવીને ૦ થી ૫ વર્ષના તમામ બાળકોને પોલિયોના રોગ સામે રક્ષણ આપવા માટે પોલિયોની રસી પીવડાવવાનું જિલ્લા કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયા તથા જિલ્લા વિકાસ અધિકારી નિતિન સાંગવાનના સીધા માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત નિવાસી અધિક કલેકટર, જૂનાગઢના અધ્યક્ષસ્થાને પલ્સ પોલિયો રસીકરણ સ્ટીઅરીંગ કમિટી ની મિટિંગ તા.૪/૧૨/૨૦૨૪ ના રોજ યોજવામાં આવી હતી. જેમાં વિવિધ વિભાગો તેમજ આરોગ્ય વિભાગના જીલ્લા કક્ષાના તથા તાલુકા કક્ષાના અધિકારીઓ હાજર રહ્યા હતા. ઉક્ત કાર્યક્રમમાં ૧૦૦% સફળતા મળે તે અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. નિવાસી અધિક કલેકટરશ્રી દ્વારા ખાસ કરી ને નેસ વિસ્તારના બાળકો તેમજ વાડી વિસ્તારમાં રહેતા કે મજૂરી અર્થે આવેલ પરિવારના બાળકો પણ ૧૦૦% આવરી લેવાય તેવી સૂચના આપી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ૫૬૭-આરોગ્ય કર્મચારી, ૬૨૬-આંગણવાડી કાર્યકર-હેલ્પર બહેનો, ૧૦૦૪-આશા કાર્યકર બહેનો તથા ૧૮૯-અન્ય સ્વયંસેવકો મળી કુલ-૨૩૮૬ કર્મચારીઓની ટીમો બનાવી પોલિયો રસીકરણ અભિયાનની કામગીરી કરવામાં આવનાર છે. આ કામગીરીનું સુપરવિઝન ૧૧૭-ઝોનલ સુપરવાઈઝો કરશે અને તમામ કામગીરીનું લાઈઝનીંગ જિલ્લાના વર્ગ-૧/૨ ના અધિકારીઓ દ્વારા કરવામાં આવશે. આ પોલિયો રસીકરણ અભિયાનનાં રાઉન્ડમાં આપના નજીકના પોલિયોના બુથ ઉપર આપના બાળકને લઈ જઈ પોલિયોની રસી અચુક પીવડાવી બાળકને પોલિયોના રોગ સામે રક્ષણ અપાવવા તમામ બાળકના માતા-પિતા, વાલીને અનુરોધ કરવામાં આવે છે.

આપના બાળકને અગાઉ ગમે તેટલી વખત પોલિયોની રસી પીવડાવેલ હોય તો પણ અને બાળક સામાન્ય બિમાર હોય તો પણ આપના બાળકને આ દિવસે ફરીથી પોલિયોની રસી અચુક પીવડાવવા તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, ડો.અલ્પેશ એસ.સાલ્વી દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

# ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરતા જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવાસિયા

## ગરવા ગિરનારને સર કરવા ૩૯મી અખિલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા ૨૦૨૪-૨૫ તા.૫મી જાન્યુઆરીએ યોજાશે : રાજ્યભરમાંથી સિનિયર-જુનિયર ભાઈઓ-બહેનોની કેટેગરીમાં કુલ ૧૨૦૭ સ્પર્ધકો ભાગ લેશે




જૂનાગઢ, તા.૫

ગરવા ગિરનારને સર કરવા ૩૯મી અખિલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા ૨૦૨૪-૨૫ તા.૫-૧-૨૦૨૫ના રોજ યોજાનાર છે. ત્યારે જિલ્લા કલેકટર અનિલ કુમાર રાણાવસિયાએ આ ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી હતી.

જિલ્લા કલેકટર કચેરી ખાતે મળેલી આ બેઠકમાં કલેકટરે, ગિરનાર આરોહણ- અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવા રાજ્યભરમાંથી આવનાર સ્પર્ધકોને રહેવા- જમવાની સુવિધાઓ માટે પૂર્વ તૈયારીઓની જાણકારી મેળવી હતી. ઉપરાંત જોખમી ગણાતી આ સ્પર્ધામાં સ્પર્ધકોને ત્વરિત જરૂરી આરોગ્ય સેવાઓ મળી રહે એમ્બ્યુલન્સ અને પુરતી મેડિકલ ટીમ તૈનાત રહે તે માટે પણ જરૂરી સૂચનાઓ આપી હતી.

આ બેઠકમાં સ્પર્ધાને અનુલક્ષીને સાફ સફાઈ, વીજ પુરવઠો અવિરત જળવાઈ રહે અને અન્ય જરૂરી સમારકામ માટે પણ કલેકટરશ્રીએ માર્ગદર્શક સૂચનાઓ આપી હતી.

ઉલ્લેખનીય છે કે, ૧૭મી અખિલ ભારતીય ગિરનાર આરોહણ સ્પર્ધા ૨૦૨૪-૨૫ ફેબ્રુઆરી માસની બીજી તારીખે યોજાનાર છે, ત્યારે તેના આયોજન અંગે પણ જરૂરી પરામર્શ કરવામાં આવ્યો હતો. રાજ્યભરમાંથી સિનિયર-જુનિયર ભાઈઓ-બહેનોની કેટેગરીમાં કુલ ૧૨૦૭ સ્પર્ધકો ભાગ લેશે. જેમાં સિનિયર કેટેગરીમાં ભાઈઓ ૫૫૮, સિનિયર બહેનો ૧૪૯ અને જુનિયર કેટેગરીમાં ભાઈઓ ૩૬૬ અને જુનિયર બહેનો ૧૩૪ નો સમાવેશ થાય છે.

આ બેઠકમાં જિલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળાએ પ્રેઝન્ટેશનના માધ્યમથી ગિરનાર આરોહણ સ્પર્ધાની પૂર્વ તૈયારીઓની વિગતો રજૂ કરી હતી. આ બેઠકમાં પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ, જિલ્લા શિક્ષણ અધિકારી ભાવેશ વાઢેર, સિવિલ હોસ્પિટલના ડો. પાલા સહિતના સંલગ્ન અધિકારીઓ અને વ્યાયામ મંડળના હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ જીલ્લા R-SETI તાલીમ ભવન ખાતે ઘરેલું હિંસા તથા સરકારની વિવિધ યોજનાઓ અંગે તાલીમાર્થીઓને માહિતી આપવામાં આવી

જૂનાગઢ તા.૫



જિલ્લા મહિલા અને બાળ અધિકારી સી.જી.સોજીત્રા અને દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી બી.ડી.ભાડના માર્ગદર્શન હેઠળ, બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત જિલ્લા R-SETI તાલીમ ભવન જૂનાગઢ ખાતે "ઘરેલું હિંસા અધિનિયમ -૨૦૦૫" અંતર્ગત આજ રોજ જેમાં ઘરેલું હિંસા એટલેશું ? તેના પ્રકારો અને મહિલાઓ સાથે થતી હિંસાના કિસ્સામાં સરકારની વિવિધ સેવાઓ જેમકે ૧૮૧-અભયમ મહિલા હેલ્પલાઈન, સખી વન સ્ટોપ સેન્ટર, પોલિસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર વગેરેનો લાભ કેવી રીતે મેળવી શકાય તે અંગે R-SETI તાલીમાર્થીઓને વિસ્તૃત માહિતી આપવામાં આવેલ હતી તથા મહિલા અને બાળ વિભાગ હસ્તક ની અન્ય યોજનાઓ જેવી કે વ્હાલી દિકરી યોજના, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય, મહિલા સ્વાવલંબન યોજના, બેટી બચાવો બેટી પઢાવો યોજનાઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. નારી અદાલતનાં બહેનો દ્વારા અદાલતનાં કાર્યો વિષે માહિગાર કરવામાં આવ્યા તેમજ ઉદ્યોગ સાહસિકતા વિભાગ દ્વારા આર્થિક પ્રવુતિ કરવા ઈચ્છતી મહિલાઓને આર્થિક ઉપાર્જનને લગતી વિવિધ લોન અંગે વિગતે માહિતી આપવામા આવી હતી.

# જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે મહિલાઓ વિરૂધ્ધ થતી હિંસા નાબુદી અભિયાન અંતર્ગત જાગૃતિ સેમીનારનું આયોજન



જૂનાગઢ, તા.૫

જિલ્લા મહિલા અને બાળ અધિકારી સી.જી.સોજીત્રા અને દહેજ પ્રતિબંધક સહરક્ષણ અધિકારી બી.ડી.ભાડના માર્ગદર્શન હેઠળ બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત તા. ૨૫ નવેમ્બર (International Day for the Elimination of Voilence against Women) થી ૧૦ ડીસેમ્બર સુધી (Human Right Day) મહિલાઓ વિરૂધ્ધ થતી હિંસા નાબુદી અભિયાન અંતર્ગત બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ જાગૃતિ સેમીનારનું આયોજન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે કરવામાં આવ્યુ હતું. જેમાં બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ અને તેની પૂર્વ ભૂમિકા તથા બાળકોને લગતા અન્ય કાયદા તથા યોજનાઓ વિષે જિલ્લા બાળ સુરક્ષા એકમ જૂનાગઢના લિગલ કમ પ્રોબેશન ઓફિસર ડો.કિરણબેન રામાણી દ્વારા વિગતે સમજુતી આપી હતી. તેમજ મહિલા બાળ વિભાગની સખી વન સ્ટોપ સેન્ટર યોજના વિશે કાઉન્સેલર ઉર્મિલાબેન દ્વારા માહિતી આપવામાં આવી તેમજ DHEWના જેન્ડર સ્પેશીયાલીસ્ટ રમેશભાઈ ભરડા તથા મીનાક્ષીબેન ડાંગર દ્વારા મહિલા બાળ કચેરી હસ્તકની વિવિધ યોજનાઓ જેવી કે વ્હાલી દીકરી યોજના,બેટી બચાવો બેટી પઢાવો યોજના,ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના,ગંગા સ્વરૂપા પુન; લગ્ન યોજના,મહિલા સ્વાવલંબન યોજના, પોલીસ સ્ટેશન બેઈઝ સપોર્ટ સેન્ટર યોજના વિશે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે આચાર્ય તથા શિક્ષક ગણના સહયોગથી બાળ લગ્ન અટકાવવા અંગે શપથ લઈ કાર્યક્રમ પૂર્ણાહુતી કરવામાં આવી હતી.

# જૂનાગઢ જીલ્લાના ૯ તાલુકામાં તા.૬ઠ્ઠી ડિસેમ્બરથી રવિ કૃષિ મહોત્સવ યોજાશે

## જીલ્લામાં તાલુકાવાર બે દિવસીય કૃષિ મહોત્સવમાં ખેડૂતોને રવિ પાકો અને આધુનિક કૃષિ તાંત્રિકતા વિશે જાણકારી અપાશે

જૂનાગઢ તા.૫

જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં જૂનાગઢ જિલ્લાના ૯ તાલુકામાં તા.૬ઠ્ઠી ડિસેમ્બરથી રવિ કૃષિ મહોત્સવ યોજાશે.

જિલ્લામાં તાલુકાવાર તા.૬ તથા તા.૭ ડિસેમ્બરના યોજાનાર રવિ કૃષિ મહોત્સવમાં ખેડૂતોને રવિ સિઝનમાં રવિ પાકો વિશે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન આપવાની સાથે ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓની પણ જાણકારી આપવામાં આવશે.

આ બે દિવસીય કાર્યક્રમ અંતર્ગત સસ્ટેનેબલ ફાર્મિંગ, પ્રાકૃતિક કૃષિ, મિશ્ર પાક પદ્ધતિ, કૃષિ પ્રદર્શન અને પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મની મુલાકાત ઉપરાંત વેલ્યુ એડિશન દ્વારા ખેડૂતોની આવકમાં વધારો, મીલેટ સહિતના મુખ્ય પાકોની આધુનિક તાંત્રિકતા વિષય પર પરીસંવાદ કૃષિ પ્રદર્શન વગેરે ખેડૂત હિતકારી પ્રવૃત્તિઓ કરવામાં આવશે.

આ રવિ કૃષિ મહોત્સવમાં કૃષિ તજજ્ઞો દ્વારા મિલેટ પાક, બાગાયતી પાકોમાં મૂલ્ય વર્ધન, મિક્સ ફાર્મિંગ સહિતના વિષયોને આવરી લઈ ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવશે. ઉપરાંત કૃષિ મહોત્સવના કાર્યક્રમના સ્થળે જુદા જુદા કૃષિલક્ષી સ્ટોલ પણ રાખવામાં આવશે.

જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ૯ સ્થળોએ રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ભેસાણ ખાતે વિનય મંદિર હાઈસ્કુલ, જૂનાગઢમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ સભા ગૃહ, કેશોદમાં તાલુકા સેવા સદનના કમ્પાઉન્ડ, માળિયા હાટીનાના કુકસવાડા ગામે ચોરવાડ રોડ ઉપર કર્મદીપ ઓઈલ મીલ સામે જુના બસ સ્ટેશનની બાજુમાં, માણાવદરમાં આહીર સમાજ ખાતે, માંગરોળના કરમદી ચિંગરીયા ગામે કોળી સમાજ ખાતે, મેંદરડાના ચિરોડા ગામે લેવા પટેલ સમાજ ખાતે, વંથલીમાં દિલાવર નગર, પેટ્રોલ પંપની બાજુમાં ઉમિયા પ્રોટીન્સ ખાતે અને વિસાવદરના માંડાવડ ગામના ડી.વી. શૈક્ષણિક સંકુલનો સમાવેશ થાય છે.

# ખેડુતોને સોલાર પાવર યુનિટ/કીટ યોજના લાભ મેળવવા આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકાશે

જૂનાગઢ, તા.૫

ખેતીવાડી ખાતાની સોલાર પાવર યુનિટ/કીટ ખરીદીમાં સહાય યોજનાનો લાભ મેળવવા માટે ખેડૂતોએ www. ikhedut. gujarat. gov.in પોર્ટલ ઉપર અરજી કરવા માટે તા.૫ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મૂકવામાં આવશે. જેની સહુ ખેડૂતમિત્રોએ નોંધ લેવા જણાવવામાં આવે છે. વધુ જાણકારી માટે આપના વિસ્તારના ગ્રામસેવક અથવા તાલુકા પંચાયત કચેરીએ ખેતીવાડી શાખાનો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી, જૂનાગઢ દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

# મારવાડી યુનિવર્સિટીમાં એગ્રોટેક અને ફૂડ પ્રોસેસિંગ વિષય ઉપર AICTE ATAL પ્રાયોજિત ૬ દિવસીય ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ યોજાયો

(પંકજ ઝીબા દ્વારા)



રાજકોટ, તા.૫

ગુજરાતની અગ્રણી મારવાડી યુનિવર્સિટીમાં એગ્રીકલ્ચર અને સાયન્સ વિભાગ દ્વારા એગ્રોટેક અને ફૂડ પ્રોસેસિંગ વિષય પર તારીખ ૨૫ થી ૩૦ નવેમ્બર ૨૦૨૪ દરમિયાન AICTE ATAL પ્રાયોજિત ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ નું આયોજન કરવામાં આવ્યું હતું.


આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા, પ્રો વોઈસ ચાન્સેલર ડૉ. સંજીતસિંહ, એક્ઝિક્યુટિવ રજીસ્ટ્રાર શ્રી નરેશ જાડેજા તથા ફેકલ્ટી ઓફ સાયન્સના ડિન ડૉ. કાન્તા દેવી અરુણાચલમ તેમજ એગ્રીકલ્ચર ડિપાર્ટમેન્ટના વડા ડૉ. હિમાલય પટેલે ઉપસ્થિત રહીને પ્રોગ્રામમાં સંબોધન કર્યું હતું. આ FDP માં ૪૩ જેટલા ફેકલ્ટીસ અને સ્કોલર્સએ ભાગ લીધો હતો.

આ પ્રોગ્રામમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી- રાજકોટ, છઇેં-આણંદ, પારુલ યુનિવર્સિટી-બરોડા, LPU-પંજાબ, NIFTEM- થંજાવુર, નિધિ સીડ-રાજકોટ જેવી દેશની વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી એકસપર્ટ સ્પીકરએ ફૂડ પ્રોસેસિંગ, પેકેજીંગ, સીડ ટેકનોલોજી જેવા વિવિધ વિષય ઉપર તેમના વ્યાખ્યાન આપ્યા હતા. આ FDP દરમ્યાન, ફેકલ્ટીસ્ અને સ્કોલર્સએ વ્યાખ્યાનની સાથે સાથે આર્ટીકલ ડિસ્કશન તથા વિવિધ હેન્ડ્સ ઓન ટ્રેનિંગનો અનુભવ મેળવ્યો હતો. બાલાજી વેફર્સ-રાજકોટ ખાતે ઈન્ડસ્ટ્રીયલ વિઝીટનું પણ આયોજન થયું હતું. આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે કો-કોઓર્ડીનેટર ડો.પ્રશાંત ઝાલા તેમજ ડૉ. વત્સલ, ડો.સરયુ, ડો.હર્ષ, ડો.મનીષા, ડૉ, પર્સીસ અને ડો.અર્ચનાએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ખંભાળિયામાં 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના'ના અમલીકરણ માટે બેઠક યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૫



દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનાના અસરકારક અમલીકરણ કરવાના હેતુથી ખંભાળિયામાં જિલ્લા સેવા સદન ખાતે કલેકટર જી.ટી. પંડ્યાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કલેકટર દ્વારા જિલ્લાના મામલતદાર અને સંબંધિત અધિકારીઓને યોજનાના સફળ અમલીકરણ માટે માર્ગદર્શન અપાયું હતું.

જિલ્લા પુરવઠા અધિકારી ક્રિષ્ના સોલંકીએ તાલુકાઓના સુપરવાઈઝર અને સંકળાયેલ સ્ટાફને વિડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજના લગત કામગીરીની વિગતવાર સમજ આપી હતી. રાજ્યની સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ પ્રાથમિક શાળાઓના બાલવાટિકાથી ધોરણ ૮ સુધીના વિદ્યાર્થીઓને પી.એમ. પોષણ યોજનામાં આપવામાં આવતા બપોરના ભોજન ઉપરાંત "મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના"દ્વારા પૌષ્ટિક અલ્પાહાર (ખાંડેલા સીંગદાણા સહિતની સુખડી, ચણા ચાટ, મિક્સ કઠોળ તથા અન્નમાંથી બનાવેલી ખાદ્ય સામગ્રી) અપાનાર છે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ખેડૂતોની સહાય, સરવેમાં ગોટાળાઃ 'આપ' દ્વારા આક્ષેપો

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા, તા. ૫



ખંભાળિયામાં આમ આદમી પાર્ટી દ્વારા દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખેડૂતોને પાક નુકસાનીના સરવેમાં ગોલમાલ કરનાર અધિકારી વિરૂધ્ધ કાર્યવાહી કરી હકદાર ખેડૂતોને યોગ્ય વળતર ચૂકવવા બાબત આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચાલુ વર્ષે ખરીફ સિઝનમાં જુલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં વધુ પડતા વરસાદના કારણે ખેડૂતોએ ખરીફ પાકમાં મોટું નુકસાન વેઠ્યું છે. સરકાર દ્વારા જુલાઈ અને ઓગસ્ટના નુકસાન માટે સરવેની જાહેરાત કરી અને પિયત વિસ્તારમાં પ્રતિ હેક્ટર રૂા. ૨૨,૦૦૦, બિનપિયત વિસ્તારમાં પ્રતિ હેક્ટર રૂા. ૧૧,૦૦૦/- રૂપિયા બે હેક્ટરની મર્યાદામાં આપવાની જાહેરાત કરી છે. આ સરવેમાં જે ટીમ ગઈ હતી, એ ટીમો એમને આખી સર્વેની પ્રક્રિયાને ઠેબે ચડાવી! દરેક ખેતરે સરપંચ અને તલાટીને સાથે રાખી નુકસાનીનું પંચરોજ કામ કરવાને બદલે માત્ર ઓફિસમાં બેસી, ક્યાંક ક્યાંક તો ગામના કોઈક આગેવાનને માત્ર ફોનથી પૂછીને નુકસાનીના આંકડા લખ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જેના કારણે ખેડૂતોને મળવા પાત્ર જે રકમ હતી એ મળી નહિ. ખેડૂતો પાસે સંપૂર્ણ વિગતો સાથે ફોર્મ ભરાવડાવવામાં આવ્યા જ્યારે સહાયની રકમ જમા થઈ ત્યારે ખબર પડી કે ખેડૂતો સાથે છેતરપિંડી થઈ છે. સરવેમાં ગયેલી ટીમ દ્વારા ખોટા આંકડાઓ લખવામાં આવ્યા હોવાના આક્ષેપો વચ્ચે અમુક આખેઆખા ગામો સહાય અને સરવેથી જ બાકાત રહી ગયા હોવાનું સામે આવ્યું છે. જ્યારે અમુક ખેડૂતોને સહાયથી બાકાત રાખવામાં આવ્યા. જેને સહાય મળી રહી છે તે ખેડૂતોને નુકસાનીનું ક્ષેત્રફળ ઘટાડી ઓછી સહાય મળે એ માટેનું ષડયંત્ર કરવામાં આવ્યું.! સરવેના આવા તરકટની એક તટસ્થ એજન્સીને સંપૂર્ણ તપાસ સોંપવામાં આવે તેમજ ખેડૂતો સાથે આ એક પ્રકારે છેતરપિંડી કરી છે, તે તમામ અધિકારીઓ વિરુદ્ધ સખત કાર્યવાહી કરવામાં આવે તે સહિતની માંગ સાથે આમ આદમી પાર્ટી દ્વારા સંબંધિત તંત્ર અને લેખિત આવેદનપત્ર પાઠવી અને રજૂઆતો કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

### તંત્રી લેખ

# આયુર્વેદને ઉત્તેજન

ભલે બહુ મોડું થયું હોય, પણ વર્ષ ૨૦૧૬થી ભારતમાં આયુર્વેદ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. આ દિવસ પર થનારાં આયોજનો તથા આયુર્વેદના વિકાસના પ્રયાસોએ આ પદ્ધતિને વૈશ્વિક સ્તર પર પ્રચારિત કરી છે. યોગની જેમ જ આયુર્વેદમાં પણ વિદેશીઓની રુચિ વધતી જાય છે. ધન્વંતરિ જયંતી અને આયુર્વેદ દિવસના અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વાસ્થ્ય ક્ષેત્ર સાથે જોડાયેલ અનેક યોજનાઓનું ઉદ્ઘાટન કર્યું તથા નવી યોજનાઓની આધારશિલા મૂકી. આ યોજનાઓનો ખર્ચ લગભગ ૧૨,૮૫૦ કરોડ રૂપિયા છે. તેમણે આશા વ્યક્ત કરી છે કે પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ આયુર્વેદ માનવતાના સ્વસ્થ જીવન માટે ઉપયોગી બની રહેશે. છેલ્લા એક દાયકામાં મોદી સરકાર દ્વારા આયુર્વેદ અને અન્ય પારંપરિક ચિકિત્સા પદ્ધતિઓને ઉત્તેજન આપવા માટે આયુષ મંત્રાલયની રચનાની સાથે સાથે અનેક કેન્દ્ર અને સંસ્થાઓ સ્થાપિત કરવામાં આવી. આયુર્વેદ દિવસે થનારાં આયોજનો તથા આયુર્વેદના વિકાસના પ્રયાસોએ આ પદ્ધતિને વૈશ્વિક સ્તર પર પ્રચારિત કરી છે. વડાપ્રધાન મોદીનું વિશેષ ધ્યાન એ વાત પર રહ્યું કે પારંપરિક ચિકિત્સા પદ્ધતિઓને આધુનિક ચિકિત્સા સંશોધન સાથે સંબદ્ધ કરવામાં આવે. આ દિશામાં એક મહત્ત્વપૂર્ણ પહેલ કરતાં બેંગલુરુના ભારતીય વિજ્ઞાન સંસ્થાનમાં આયુર્વેદના એક ઉત્કૃષ્ટ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. વડાપ્રધાન દ્વારા ઉદ્ઘાટિત આ કેન્દ્રમાં ડાયાબિટીસ અને ચયાપચયની સમસ્યાઓ પર અધ્યયન કરવામાં આવશે.

દિલ્હી સ્થિતિ અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થાના બીજા ચરણની જાહેરાત પણ મહત્ત્વપૂર્ણ છે. આ ચરણ અંતર્ગત એક પંચકર્મ હોસ્પિટલ, આયુર્વેદિક ફાર્મસી, ખેલ ચિકિત્સા એકમ તથા ઈન્ફર્મેશન ટેક્નોલોજી અને સ્ટાર્ટઅપને ઉત્તેજન આપવાનાં કેન્દ્ર સામેલ છે. આયુર્વેદ દિવસ પર જાહેર યોજનાઓમાં વિભિન્ન એમ્સ સંસ્થાઓના વિસ્તાર, ત્રણ નવી મેડિકલ કોલેજોની સ્થાપના, આયુષ્માન ભારત વીમા યોજનામાં દરેક ઉંમર વર્ગના ૭૦ વર્ષથી વધુ ઉંમરના બુઝુર્ગોને સામેલ કરવા વગેરે પણ છે. વડાપ્રધાન મોદીએ 'દેશનું પ્રકૃતિ પરીક્ષણ અભિયાન'નો પણ શુભારંભ કર્યો છે. આ અભિયાનમાં સ્વાસ્થ્ય પર જળવાયુ પરિવર્તનના પ્રભાવ અને બચાવ સંબંધે રાષ્ટ્રીય સ્તર પર જાગૃતિનો પ્રસાર કરવાની યોજના છે. એ સ્થાપિત તથ્ય છે કે ખાન-પાનમાં અસાવધાની અને વ્યસ્ત આધુનિક જીવનશૈલી કેટલીય બીમારીઓનું કારણ બની રહી છે. તેના ઉપચારની સાથે સાથે સ્વસ્થ્ય જીવન જીવવામાં આયુર્વેદ મોટો સહારો બની શકે છે. આયુર્વેદના નામ પર થનારી ગરબડોને રોકવા માટે પણ સરકારે પગલાં ભર્યાં છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા એક દાયકામાં સ્વાસ્થ્ય વિભાગમાં કેન્દ્ર સરકારના બજેટ ફાળવણીમાં મોટો વધારો થયો છે. ૨૦૧૩-૧૪માં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયને ૩૭,૩૩૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા, જ્યારે ૨૦૨૪-૨૫ના કેન્દ્રીય બજેટમાં આ ફાળવણી ૯૦,૬૫૮.૬૩ કરોડ રૂપિયા થઈ ગયા છે. સ્વાસ્થ્ય સુવિધાઓના વિસ્તારની સાથે સાથે પોષણ અભિયાન તથા સ્વચ્છ પેયજળની ઉપલબ્ધતા પણ સરકારની મુખ્ય પ્રાથમિકતાઓમાં છે.

### રવિ કૃષિ મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ

# ૬ અને ૭ ડિસેમ્બરે તમામ તાલુકા મથકોએ રવિ કૃષિ મહોત્સવ યોજાશે

## રવિ કૃષિ મહોત્સવમાં બે દિવસ દરમ્યાન કૃષિ વૈજ્ઞાનિકો અને પ્રગતિશિલ ખેડૂતો વિવિધ વિષયો પર માર્ગદર્શન પુરૂં પાડશે


અમદાવાદ,તા.પ

રાજય સરકાર દ્વારા ખેડૂતોને રવિ સીઝનમાં રવિ પાકો વિશે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન તેમજ ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓ અંગેની સમજ મળી રહે તે હેતુસર રાજયનાં તમામ તાલુકાઓમાં આગામી તા.૦૬ ડિસેમ્બરથી ૦૭ ડિસેમ્બર-૨૦૨૪ દરમ્યાન બે દિવસીય રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદ જિલ્લામાં તા. ૬ અને ૭ ડિસેમ્બરના રોજ બાવળા, દસ્કોઈ, દેત્રોજ, ધંધુકા, ધોલેરા, ધોળકા, માંડલ, સાણંદ અને વિરમગામ ખાતે રવિ કૃષિ મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રવિ કૃષિ મહોત્સવમાં બે દિવસ દરમ્યાન કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો, પ્રગતિશિલ ખેડૂતોના વ્યકતવ્ય થકી ટકાઉ ખેતી પદ્ધતિ, પ્રાકૃતિક ખેતી, મિશ્ર પાક પદ્ધતિ, મિશ્ર ખેતી, ખેતી પાકોના મૂલ્યવર્ધન દ્વારા ખેડૂતોની આવકમાં વધારો અને મિલેટ્સની ખેતીને પ્રોત્સાહન જેવા વિષયો પર માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. ખેડૂતોને મુંઝવતા પ્રશ્નોનું આદાન-પ્રદાન અને કૃષિ પ્રદર્શન સ્ટોલ થકી યોજનાકીય અને આધુનિક કૃષિ જેવી બાબતોને આવરી લેવામાં આવશે.

આ ઉપરાંત જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના મોડલ ફાર્મની મુલાકાત અને પશુપાલન વિભાગ દ્વારા પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવશે. અમદાવાદ જિલ્લાના તમામ ખેડૂતોને આગામી તા. ૬ અને ૭ ડિસેમ્બર-૨૦૨૪ના રોજ રવિ કૃષિ મહોત્સવમાં બહોળી સંખ્યામાં ભાગ લઈ ખેતી અને પશુપાલન સબંધિત બાબતે વધુમાં વધુ લાભ મેળવવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# બહુચરાજી માતાજીને ૩૫૦૦ લીટર રસ, રોટલી અને ૧૧૦૦ કિલોનો પ્રસાદ અર્પણ



## સંધ્યા આરતી બાદ માતાજીને રસ રોટલીનો પ્રસાદ ચડાવ્યા બાદ અહીં આવતા હજારો ભક્તોને રસ રોટલીનું જમણ આપવામાં આવે છે

બહુચરાજી,તા.પ

બહુચરમાતાજીએ ભક્ત વલ્લભ ભટ્ટની લાજ રાખવા ૩૩૯ વર્ષ પૂર્વે તેમની જ્ઞાતિને માગસર સુદ બીજ મહિનામાં રસ-રોટલીનું જમણવાર કરાવ્યું હતું. માતાજીના પરચાને જીવંત રાખવા બહુચરાજી આનંદના ગરબા મંડળ દ્વારા આ યાદગીરી રૂપે માગશર સુદ બીજે તીર્થધામ બહુચરાજીમાં આરતી બાદ રસ-રોટલીનો પ્રસાદ શ્રધ્ધાળુઓને આપવામાં આવ્યો હતો. ૩૩૯ વર્ષ પૂર્વે બનેલી ચમત્કારિક ઘટના મુજબ બહુચર માતાજીના પરમભક્ત વલ્લભ અને ધોળા ભટ્ટને માતાજીએ સ્વપ્નમાં આવીને કહ્યું કે, તમારી માતાનું અવસાન થયું છે. તમારે બહુચરાજીથી અમદાવાદ જવું જોઈએ અને તમારી માતાની ઉત્તરક્રિયા કરવી જોઈએ તો વલ્લભે કહ્યું કે, અમારી નિર્ધન સ્થિતિમાં અમારાથી કોઈ જ્ઞાતિભોજન થાય તેમ નથી એટલે અમદાવાદ જવું અને હાંસીપાત્ર થવું તે ઠીક નથી. કલ્પવૃક્ષનો આશ્રય મળ્યા પછી ભક્તને શાનું દુઃખ તમો અમદાવાદ જાઓ, ઉત્તરક્રિયા કરો અને જ્ઞાતિને ઈચ્છિત ભોજન આપો. હું તમને સહાય કરીશ. આજે પણ બહુચરાજીમાં દર માગશર સુદ બીજે જીવંત રાખવામાં આવ્યો છે અને આજે પણ અહીં માગશર સુદ બીજને લઈ દિવસે અને રાત્રે સંધ્યા આરતી બાદ માતાજીને રસ રોટલીનો પ્રસાદ ચડાવ્યા બાદ અહીં આવતા હજારો ભક્તોને રસ રોટલીનું જમણ આપવામાં આવે છે. માં માતાજી ગર્ભ ગૃહને પણ આંબાવાડીની જેમ આંબાની ડાળીઓ અને તેના ઉપર કેરીઓ લટકાવી સુંદર ડેકોરેશન પણ કરવામાં આવ્યું. રસ રોટલી પ્રસાદમાં રોટલી અહીંની સ્થાનિક બહેનો યથાશક્તિ પોતાના ઘરેથી બનાવીને માતાજીને ધરાવે છે અને તે રોટલી ભક્તોને રસ સાથે પ્રસાદ રૂપે આપવામાં આવે છે.

# સુરતમાં ૪૮ કલાકમાં આઠ આત્મહત્યાથી ચકચાર મચી

સુરત,તા.પ

રાજ્યમાં લગભગ દરરોજ આત્મહત્યાની ઘટનાઓ સામે આવી રહી છે. ડાયમંડ સિટી સુરતમાંથી જે સમાચાર સામે આવ્યા છે તે ખરેખર ચોંકાવનારા છે. હકીકતમાં સુરતમાં ૪૮ કલાકમાં આપઘાતના ૮ બનાવોએ ખળભળાટ મચાવી દીધો છે. આ આત્મહત્યાના બનાવોમાં કેટલાકે આર્થિક સંકડામણના કારણે તો કેટલાકે સામાન્ય કારણોસર આપઘાત કર્યો છે. સાથે જ મૃતકોના પરિવારજનોમાં ઘેરા શોકનો માહોલ છે.

સુરતમાં ૪૮ કલાકમાં આપઘાતની ૮ ઘટનાઓ સામે આવતાં ખળભળાટ મચી ગયો છે. મળતી માહિતી મુજબ, બે દિવસમાં ભાજપના મહિલા નેતા સહિત ૮ લોકોએ જીવનનો અંત આણ્યો છે. જેમાં એક રત્ન કલાકારે આર્થિક મંદીના કારણે જીવનનો અંત આણ્યો છે. હીરા ઉદ્યોગમાં મંદીના કારણે કામ ન મળતા સંજય રામજી મકવાણાએ આત્મહત્યા કરી લીધી છે.આ સાથે ડાયમંડ સિટીમાં ૪ યુવકો, ૨ આધેડ અને ૨ યુવતીઓએ આત્મહત્યા કરી છે.

દારૂ પીવાનું છોડી દેવાની ઠપકો આપતાં આધેડએ આપઘાત કરી લીધો હોવાનું સામે આવ્યું છે. આ સાથે અન્ય એક યુવક અને યુવતીએ પણ સામાન્ય ઘરેલું ઝઘડાને કારણે આપઘાત કરી લીધો છે.

# રાજકોટમાં ૯ કિલો ગાંજા સાથે એક વ્યક્તિ ઝડપાયો

રાજકોટ,તા.પ

રાજ્યમાં ડ્રગ્સ અને નશાકારકપદાર્થોનો કારોબાર જાણે બે રોક ટોક ચાલી રહ્યો હોય એવી ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે રાજકોટમાં પણ નશાકારક પદાર્થો એવા ડ્રગ્સ-ગાંજો સહિતની વસ્તુઓ વારંવાર ઝડપાવાની ઘટનાઓ સામે આવી રહી છે.

રાજકોટમાં પણ નશાકારક પદાર્થો એવા ડ્રગ્સ-ગાંજો સહિતની વસ્તુઓ વારંવાર ઝડપાવાની ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે રાજકોટ SOG ટીમે શખ્સને રાજકોટના ગવરીદળ નજીક ૯ કિલોથી વધુ ગાંજાના જથ્થા સાથે એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે. મૂળ રાજસ્થાનો હાલ મોરબી રહેતો જગદીશ બિશ્નોઈ શખ્સ પાસેથી ૯ કીલોથી વધુ ગાંજાનો જથ્થો મળ્યો હતો. રાજકોટ માં ડિલવરી કરે તે પેહલા SOG ટીમે શખ્સને ઝડપ્યો હતો. તેમજ આ શખ્સ ગાંજો ક્યાંથી લઈને આવ્યો હતો અને શહેરમાં તે કોને આપવાનો હતો તે દિશામાં SOG ટીમે તપાસ શરૂ કરી છે.

# તુષાર ધોળકિયાને ગુજરાત ગૌણ સેવા પસંદગીના ચેરમેન બનાવ્યા

ગાંધીનગર,તા.પ

રાજ્ય સરકાર દ્વારા કેટલાક IAS અધિકારીઓની બદલી કરવામાં આવી છે. રાજ્ય સરકારે એક અખબારી યાદી જાહેર કરી અધિકારીઓની બદલીની માહિતી આપી છે. રાજ્ય સરકારની જાહેરાત પ્રમાણે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ બોર્ડને નવા ચેરમેન મળ્યા છે. તો રાજકોટના મ્યુનિસિપલ કમિશનરની પણ બદલી કરવામાં આવી છે. રાજ્ય સરકારે તુષાર ધોળકિયાને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંગળના ચેરમેન બનાવ્યા છે. પહેલા ગૌણ સેવાનો વધારાનો ચાર્જ આઈએએસ અધિકારી કમલ દાયાણી પાસે હતો. હવે સરકારે આ પદ પર તુષાર ધોળકિયાની વરણી કરી છે. રાજકોયના મ્યુનિસિપલ કમિશનર ડી.પી. દેસાઈની પણ બદલી કરવામાં આવી છે. જ્યારે તુષાર દલપતભાઈ સુમેરાને રાજકોટના નવા કમિશનર બનાવવામાં આવ્યા છે. જ્યારે ડીપી દેસાઈની રાજકોટથી બદલી કરી અમદાવાદ ઔડાના સીઈઓ બનાવવામાં આવ્યા છે. તુષાર સુમેરા વર્તમાનમાં ભરૂચના કલેક્ટર તરીકે ફરજ બજાવી રહ્યાં હતા, હવે તેમને રાજકોટના મ્યુનિસિપલ કમિશનર બનાવવામાં આવ્યા છે.

# ખંભાળિયામાં સગીરાના અપહરણ પ્રકરણમાં આરોપીને પાંચ વર્ષની સખત કેદ તથા દંડ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.પ

ખંભાળિયા પંથકમાં રહેતા એક આસામીની સગીર વયની પુત્રીને અત્રે ટેલીફોન એક્સચેન્જની બાજુમાં રહેતો રવિ કરમણભાઈ ડોસાણી નામનો શખ્સ થોડા સમય પૂર્વે લલચાવી- ફોસલાવીને લગ્ન કરવાની લાલચ આપી, અપહરણ કરીને લઈ ગયો હોવાની ધોરણસર ફરિયાદ ગત તારીખ ૨૪ એપ્રિલ ૨૦૨૪ ના રોજ ખંભાળિયા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી હતી.

જેને અનુલક્ષીને પોલીસે અપહરણ તેમજ પોક્સો એક્ટની જુદી-જુદી કલમ હેઠળ નોંધ્યો હતો. આ પ્રકરણમાં તપાસનીસ પી.આઈ. બી.જે. સરવૈયા દ્વારા ભોગ બનનાર તેમજ આરોપીની મેડિકલ તપાસણી તેમજ એફ.એસ.એલ.ના રિપોર્ટ તૈયાર કરી, અને અહીંની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવ્યું હતું.

જે અંગેનો કેસ ચાલી જતા આ પ્રકરણમાં ભોગ બનનારની જુબાની તેમજ વિવિધ આધાર-પુરાવાઓ સાથે જિલ્લા સરકારી વકીલ લાખાભાઈ ચાવડા દ્વારા કરવામાં આવેલી દલીલોને ધ્યાને લઈ, અને ખંભાળિયાના સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ શ્રી એસ.જી. મનસુરી દ્વારા આરોપીને પાંચ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૦,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો છે. આ પ્રકરણમાં ભોગ બનનારના સામાજિક, આર્થિક અને માનસિક પુનર્વસન માટે વીટનેસ કમ્પન્સેશન સ્કીમ હેઠળ રૂપિયા ૫૦,૦૦૦ નું વળતર પણ ચૂકવવા માટે પણ હુકમ કરવામાં આવ્યો છે.

# દ્વારકા દર્શનાર્થે જતા યાત્રાળુઓની કારનો કુરંગા નજીક અકસ્માત : પાંચ મુસાફરો ઘવાયા





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.પ

રાજકોટના દર્શનાર્થીઓ આજરોજ દ્વારકા દર્શન કરવા જઈ રહ્યા હતા, ત્યારે કુરંગા ગામ નજીક તેમની કાર રોડની એક તરફ ઉતરી જતા સર્જાયેલા અકસ્માતમાં પાંચ મુસાફરોને ઈજાઓ થવા પામી હતી. અકસ્માતના આ બનાવ અંગે સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ દ્વારકા દર્શન કરવા માટે રાજકોટના પરિવારજનો આજરોજ તેમની વોક્સવેગન મોટરકારમાં જઈ રહ્યા હતા. ત્યારે કોઈ કારણોસર તેમની મોટરકાર આશ્ચર્યજનક રીતે કુરંગા ગામ નજીક આવેલા પુલ નીચે બેરીકેટ તોડીને કાદવમાં ઉતરી ગઈ હતી. આ અકસ્માતમાં મોટરકારનો બુકડો ગોલી ગયો હતો. આ ઘટના અંગેની જાણ ૧૦૮ માં કરાતા રાણ-લીંબડી અને દ્વારકાની ૧૦૮ એમ્બ્યુલન્સ તાકીદે ઘટના સ્થળે દોડી ગઈ હતી. જેમાં ઘવાયેલા મુસાફરોને ફ્રેક્ચર સહિતની ઈજાઓ હોવાનું ખુલતા બે દર્દીઓને દ્વારકા તેમજ ત્રણ દર્દીઓને લીંબડી ૧૦૮ એમ્બ્યુલન્સમાં દ્વારકાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં ઈજાગ્રસ્ત મુસાફરોના કિંમતી મોબાઈલ, પર્સ સહિતનો મુદ્દામાલ ૧૦૮ ની ટીમ દ્વારા તેમના માલિકના પરિવારજનોને સોંપી દેવામાં આવ્યો હતો.

# ૨૯ માર્ચ ૨૦૨૫થી ૧૮ મે ૨૦૨૫ સુધી શની-રાહુની શ્રાપિત દોષ થશે

અત્યારે શની કુંભ રાશીમાં ચાલી રહેલ છે અને રાહુ મીન રાશીમાં ચાલી રહેલ છે. ૨૯ માર્ચ ૨૦૨૫ના રાત્રે ૯:૪૯થી શની ગ્રહ મીન રાશીમાં પ્રવેશ કરશે. આમ મીન રાશીમાં શની-રાહુની શ્રાપિત દોષ યુતિ થશે જે ૧૮ મે ૨૦૨૫ રાહુ કુંભ રાશીમાં પ્રવેશતા આ શ્રાપિત યુતિ છુટી પડશે. ખાસ કરીને ગોચરમાં થયેલ ગ્રહોની યુતિ દેશ-દુનિયા અને દરેક માનવ જીવન ઉપર અસર કરે છે. તેમાં પણ ખાસ કરીને શની-રાહુનો શ્રાપિત દોષની અશુભયુતિ વધારે અશુભ ગણાય છે. ૨૯ માર્ચથી શરૂ થનાર ૨૯ માર્ચથી શરૂ થનાર મીન રાશીમાં શની-રાહુની શ્રાપિત દોષ યુતિ દરમ્યાન ખાસ કરીને મોંઘવારીમાં વધારો થાય અને ખાસ કરીને રાજકીય પ્રવૃતિમાં વધારો થાય ખાસ કરીને આ સમયે દરમ્યાન દેશની ઈકોનોમીના નિર્ણય યોગ્ય લેવા જોઈએ. શ્રાપિત દોષના કારણે રૂપીયો વધારે નબળો પડી શકે છે. દુનીયાના મધ્ય દેશોમાં યુધ્ધ વધારે થાય.

**રાશી પ્રમાણે ફળ**

**મેષ રાશી(અ.લ.ઈ.) :** મેષ રાશીના જાતકોને વ્યય ભુવનમાં શની-રાહુની યુતિ થશે. ખર્ચા ઉપર કાબુ રાખવો, કર્જ કરવું નહી.

**વૃષભ રાશી(બ.વ.ઉ.) :** વૃષભ રાશીના જાતકોને લાભ સ્થાનમાં યુતી થશે. શેરસટ્ટાથી દુર રહેવું, ખોટા મિત્રોથી સાવચેત રહેવું.

**મિથુન રાશી(ક.છ.ઘ.) :** મિથુન રાશીના જાતકોને કર્મ ભુવનમાં યુતિ થશે. વ્યાપાર બાબતે સાવચેત રહેવું, ખોટું રોકાણ મોટું રોકાણ કરતા પહેલા વિચારવું જરૂરી બને, નોકરીમાં અધિકારી તથા માલીક સાથે તાલમેલ રાખવો.

**કર્ક રાશી(ડ.હ.) :** કર્ક રાશીના જાતકોને ભાગ્ય ભુવનમાં યુતિ થશે. વિદેશ યોગ બને, વિદેશ સાથે વ્યાપારમાં વધારો થાય, ધર્મ, ધ્યાન, પુજા પાઠ કરવા.

**સિંહ રાશી(મ.ટ.) :** સિંહ રાશીના જાતકોને આઠમા સ્થાનેથી યુતિ થશે. વારસાકિય પ્રશ્નો ઉદભવી શકે છે. વાહન ધીમે ચલાવું, ઝેરી બિમારીથી ખ્યાલ રાખવો.

**કન્યા રાશી(પ.ઠ.ણ.) :** કન્યા રાશીના જાતકોને સાતમા સ્થાને શની-રાહુના શ્રાપિત દોષની યુતિ થશે. વ્યવહારીક બાબતે ધ્યાન રાખવું, જાહેર જીવમાં બોલચાલમાં ધ્યાન રાખવું જરૂરી. લગ્નજીવન બાબતે જીવન સાથી સાથે તાલમેલ રાખવો.

**તુલા રાશી(ર.ત.) :** તુલા રાશીના જાતકોને છઠ્ઠા સ્થાનેથી શની-રાહુની શ્રાપિત યુતિ થશે. છુપા શત્રુથી સાવધ રહેવું. બને ત્યાં સુધી આ સમય દરમ્યાન નોકરીમાં પરિવર્તન કરવું નહી.

**વૃશ્ચિક રાશી(ન.ય.) :** વૃશ્ચિક રાશીનાં જાતકોને પાચમાં સ્થાનેથી શની-રાહુની શ્રમિત યુતિ થશે. લિવર પેટની બીમારીથી સાવચેત રહેવું શેરસટ્ટાથી દુર રહેવું.

**ધન રાશી(ભ.ફ.ઢ.ધ) :** ધનરાશીનાં જાતકોને સુખભુવનમાં ગયુતિ થશે ઘરમાં શાંતિભર્યુ વાતાવરણ રાખવું. જમીન મકાન દુકાત લેતા પહેલા વિચારી અને તપાસ કરીને લેવા અથવા આ સમય દરમ્યાન લેવા નહી.

**મકર રાશી(ખ.જ.) :** મકર રાશીનાં જાતકોને પરાક્રમ ભુવનમાંથી આયુતિ થશે. ખોટા કાર્યો કરવા નહી તહીતર ભવિષ્યમાં કાનુની પ્રક્રિયામાં ફસાઈ શકો છો. મહેનતનું ફળ નહીવત મળે.

**કુંભ રાશી(ગ.સ.શ.) :** કુંભ રાશીના જાતકોને ધન સ્થાન આ યુતિ થશે. બચતનું જોર વધારે રાખવું. વારસાગત બિમારીથી સાવચેત રહેવું, આખની બિમારીથી સાવચેત રહેવું, આ સમય દરમ્યાન કાળાબજારથી કમાયેલ નાણું ભવિષ્યમાં પ્રોબ્લેમ કરી શકે છે.

**મીન રાશી(દ.ચ.ઝ.થ) :** મીન રાશીના જાતકને દેહ ભુવનમાં યુતિ થશે. આરોગ્યનું ધ્યાન રાખવું. માન-સન્માનમાં કમી થઈ શકે છે, યોગ્ય નિર્ણય લેવા.

ખાસ કરીને આ સમય દરમ્યાન દરેક વ્યક્તિએ પોતાના જીવનના નિર્ણય ખુબ વિચારીને લેવા, વિદ્યાર્થી લોકોએ અભ્યાસમાં ખાસ ધ્યાન આપવું. આ સમય દરમ્યાન બુધવાર તથા શનિવારના એકટાણા રહેવા. મહાદેવજીને કાળા તલ, જળ ચડાવું અને હનુમાન ચાલીસાના પાઠ કરવા.

**- શાસ્ત્રી રાજદીપ જોષી(વેદાંત રત્ન)**

# આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

અશુધ્ધ મગજ અને અશુધ્ધ શરીર વડે આપણે ઈશ્વરના આશિર્વાદ નહીં મેળવી શકીએ. - સ્વામિ વિવેકાનંદ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.તીર-૧૩૯૪, મુ. જમાદુલ આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, માગસર સુદ-૪ વિનાયક ચતુર્થી તા.પ ડિસેમ્બર ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૨૩, મુસ્લિમ તા.૩, ઉત્તરાષાઢા નક્ષત્ર, વૃધ્ધિ યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૧૯, સૂ.અ.૬:૦૪

આજનો દિવસ બપોરે ૧૨:૩૯ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ગૃહજીવનમાં આનંદ રહે. વણસેલા સંબંધો સુધરે.
વૃષભ:કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.
મિથુન:વ્યર્થ ચિંતા દૂર થાય. આનંદપૂર્ણ દિવસ વિતે.
કર્ક: મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકશો. તકનો લાભ ઉઠાવજો.
સિંહ: લાંબા સમયથી અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય.
કન્યા: વ્યર્થ ક્રોધથી દૂર રહેવું. આંધળો વિશ્વાસ મૂકીની વૃતિ ટાળવી.
તુલા: યશ, માનના ભાગીદાર બનશો. આર્થિક લાભ મળે.
વૃશ્ચિક:સ્વભાવમાં ઉગ્રતા રહે. ધારી સફળતામાં વિલંબ રહે.
ધન: મનની મૂંઝવણ મનમાં રહે. વ્યર્થ ક્રોધ રહે.
મકર: અચાનક પ્રવાસ થાય. મહામહેનતે કાર્યમાં સફળતા મળે.
કુંભ: કાર્યબોજ વિશેષ રહે. શેર-સટ્ટા, લોટરીમાં લાભ મળે.
મીન: આર્થિક લાભ રહે. મનની મુરાદ બર આવે.

# ભ્રામક દાવાઓ કરતી ખાનગી કોચિંગ સંસ્થાઓ ઉપર લગામ



અમદાવાદ તા.૫

દેશભરમાં બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળેલાં અને ઠેર-ઠેર પથરાયેલી ખાનગી કોચિંગ સંસ્થાઓમાં ભણાવાના આકર્ષણનું મુખ્ય કારણ એ છે કે આવી લગભગ તમામ જગ્યાઓ વિશે કરવામાં આવતા પ્રચારમાં એ વાત ઉપર ભાર મૂકવામાં આવે છે કે ત્યાં ભણ્યા પછી દરેકને સારી નોકરી મળશે. પરંતુ વાસ્તવિકતા શું છે તે બધા જાણે છે. મોટાભાગની કોચિંગ સંસ્થાઓ ત્યાં ભણતા ૧૦૦% વિદ્યાર્થીઓને નોકરી આપવાનું વચન આપે છે અને આ રીતે એક પ્રકારની જાળ બિછાવીને છેતરપિંડી સાથે તે બાળકોને તેમાં ફસાવે છે. જ્યારે દરેક વ્યક્તિ જાણે છે કે કોચિંગ સંસ્થાઓમાંથી દર વર્ષે કેટલા વિદ્યાર્થીઓ બહાર આવે છે અને નોકરી માટે કેટલી બેઠકો છે ? મર્યાદિત સરકારી નોકરીઓના યુગમાં દરેકને તકો પૂરી પાડવાનો દાવો કરવો એ વાસ્તવમાં ભ્રમ ફેલાવવા જેવું છે. આ અંગે ઘણા સમયથી સવાલો ઊઠી રહ્યા છે. હવે કેન્દ્ર સરકારે ઘણા સ્તરો ઉપર કોચિંગ સંસ્થાઓ દ્વારા ભ્રામક પ્રચારને રોકવા માટે હાલમાં નવી માર્ગદર્શિકા જારી કરી છે, જેના હેઠળ હવે '૧૦૦ ટકા સિલેકશન' અથવા '૧૦૦ ટકા નોકરીની ગેરંટી' જેવા દાવા કરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે . વાસ્તવમાં, છેલ્લા કેટલાયે સમયથી એવી પરંપરા બની ગઈ છે કે કોચિંગ સંસ્થાઓ તેમના પ્રચાર દરમ્યાન તેઓ જે દાવા કરે છે તે અંગે કોઈપણ પ્રકારની પારદર્શિતાનું પાલન કરતી નથી. મર્યાદિત તકોના યુગમાં તેઓ કયા આધારે ૧૦૦% ગેરંટીનો દાવો કરે છે અને તેઓ તે કેવી રીતે પૂરી પાડશે તે અંગે તેઓ કોઈપણ ખુલાસા કરતા નથી. પોપાબાઈનું રાજ હોય એમ તેમને શિક્ષણના ફોર્મેટ, શિક્ષકોની વિગતો અને તેમની લાયકાત, સંસાધનો વગેરે અંગે તેમની આંતરિક રચનામાં પારદર્શિતા જાળવવી જરૂરી લાગતી નથી. છતાં લોકોને પોતાની સંસ્થા તરફ ખેંચવા માટે બહાર પાડવામાં આવતી જાહેરાતોમાં અતિશયોક્તિપૂર્ણ અને ખોટા દાવા કરવામાં કોઈ કમી રાખવામા આવતી નથી. કારણ કે કોઈ પૂછવાવાળું જ નથી હોતું. હવે નવા નિયમો અનુસાર, આવી સંસ્થાઓએ ફી, તેમની સેવાઓ, તેમની ગુણવત્તા, શિક્ષકોની લાયકાત અને તેમની વિશ્વસનીયતા વગેરે વિશે સ્પષ્ટપણે માહિતી જાહેર કરવી પડશે. આ નવી માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરનાર કોચિંગ સંસ્થાઓ ઉપર ૧૦થી ૫૦ લાખ રૂપિયાનો દંડ વસૂલવામાં આવશે અને તેમનું લાઈસન્સ પણ રદ થઈ શકે છે. નાના શહેરોથી લઈને મોટા શહેરો સુધીના ઘણા વિદ્યાર્થીઓ કોચિંગ ઈન્સ્ટિટ્યૂટમાં ભણવા આવે છે તો તેની પાછળનું એક મોટું કારણ આ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા કરવામાં આવતા મોટા મોટા દાવાઓ છે. ઘણી વખત મહત્ત્વની નોકરીમાં સફળતા મેળવનાર ઉમેદવારને ઘણી સંસ્થાઓ દ્વારા એવું કહેવામાં આવે છે કે તેણે ત્યાં અભ્યાસ કર્યો છે તેવું કહે. આ દાવાઓના પ્રભાવ હેઠળ અને મોટી ફી ચૂકવ્યા પછી, ત્યાં પ્રવેશ લેનારા તમામ વિદ્યાર્થીઓને અમુક સ્પર્ધાત્મક પરીક્ષામાં સિલેકશનની ખાતરી આપવામાં આવે છે અને તેમને ૧૦૦% સરકારી નોકરીની ખાતરી આપવામાં આવે છે. જયારે દેશભરની કોચિંગ સંસ્થાઓમાં દર વર્ષે કેટલા વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરે છે અને સરકારી નોકરીઓની ઉપલબ્ધતા શું છે તે વાત જાહેર કરવામાં આવતી નથી. અર્થાત જગ્યા માત્ર બસો-પાંચસોની હોય પરંતુ આવી કોચિંગ સંસ્થાઓમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા હજારોમાં હોય તો આ તમામનું સિલેકશન કયાંથી થવાનું ? દેશમાં નોકરી માટે મર્યાદિત તકો હોવા છતાં, માતાપિતા તેમના બાળકોને મોટા શહેરોમાં મોકલવાનું પસંદ કરે છે, ઘણાને તેમની જમીન ગીરો અથવા વેચવી પડે છે અથવા લોન લેવી પડે છે. પરંતુ માત્ર થોડાક જ વિદ્યાર્થીઓ સફળતા મેળવે છે અને બાકીના મોટાભાગના નિરાશ થાય છે. આના કારણે કેવા પ્રકારની કૌટુંબિક-સામાજિક પરિસ્થિતિઓ ઊભી થાય છે તેની કલ્પના કરી શકાય છે. આવી સ્થિતિમાં, કોચિંગ સંસ્થાઓના ભ્રામક દાવાઓને રોકવાનો પ્રયાસ એ તેમના ભવિષ્ય માટે સંઘર્ષ કરી રહેલા વિદ્યાર્થીઓના હિતમાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

## કોલકાતામાં દુકાનોના બોર્ડ અને સ્થાનિક એકમોના આદેશોમાં બંગાળી ભાષાનો ઉપયોગ ફરજિયાત કરાયો




(એજન્સી) તા.૫

કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશન (KMC)એ એક આદેશ જારી કર્યો છે. જે અંતર્ગત શહેરમાં દરેક સંસ્થા અને દુકાને અન્ય ભાષાઓની સાથે સાઈન બોર્ડ ઉપર બંગાળી ભાષાનો ઉપયોગ કરવો જરૂરી વે. મ્યુનિસિપલ કોર્પોરેશને ૨૧મી ફેબ્રુઆરી ૨૦૨૫ની સમયમર્યાદા પણ નક્કી કરી છે અને આ તારીખ પહેલા દરેક દુકાન અને મહેકમ ઉપર બંગાળી ભાષામાં સાઈનબોર્ડ લગાવવા જરૂરી રહેશે. મ્યુનિસિપલ સેક્રેટરી સ્વપન કુંડુએ જણાવ્યું હતું કે મ્યુનિસિપલ કોર્પોરેશન દુકાનો, રેસ્ટોરાં અને અન્ય વ્યવસાયિક સંસ્થાઓના માલિકો સાથે સંપર્કમાં છે તે સુનિશ્ચિત કરવા માટે કે દુકાનોના નામ અને અન્ય માહિતી અન્ય કોઈપણ ભાષા સિવાય બંગાળીમાં લખવામાં આવે. ઓક્ટોબરમાં, તૃણમૂલ કોંગ્રેસના કાઉન્સિલર બિસ્વરૂપ ડેએ કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનના એક સત્રમાં કહ્યું હતું કે, અન્ય ભાષાઓ સિવાય બંગાળી ભાષાનો ઉપયોગ જાહેર અને ખાનગી કાર્યાલયોમાંના તમામ સાઈનબોર્ડમાં અને તમામ સૂચનાઓ, પત્રો અને દસ્તાવેજોમાં પણ સુનિશ્ચિત થવો જોઈએ. મ્યુનિસિપલ કોર્પોરેશનનું બંગાળી ભાષામાં પ્રકાશિત થવું જોઈએ. કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનનો આ પ્રસ્તાવ એવા સમયે આવ્યો છે જ્યારે કેન્દ્ર સરકારે તાજેતરમાં આસામી, મરાઠી, પાલી અને પ્રાકૃતની સાથે બંગાળીને પણ શાસ્ત્રીય ભાષાનો દરજજો આપવાનો નિર્ણય કર્યો છે. કોલકાતાના મેયર ફિરહાદ હકીમે પણ અગાઉ ખાનગી જાહેરાત એજન્સીઓ અને દુકાનદારોને તેમના સાઈનબોર્ડમાં બંગાળી ભાષાનો ઉપયોગ કરવા વિનંતી કરી હતી. હકીમે કહ્યું હતું કે, 'હું બેનરો, સાઈનબોર્ડ અને સંદેશા વ્યવહારના આવા માધ્યમોમાં હિન્દી, અંગ્રેજી અથવા અન્ય ભાષાઓના ઉપયોગની વિરૂદ્ધ નથી, પરંતુ, અન્ય ભાષાઓની સાથે બંગાળી ભાષાનો પણ ઉપયોગ થવો જોઈએ.' ઉલ્લેખનીય છે કે કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૨૦૦૭માં આવું જ પગલું લેવામાં આવ્યું હતું અને તત્કાલિન મેયર વિકાસ રંજન ભટ્ટાચાર્યએ દુકાન માલિકોને સાઈનબોર્ડમાં અન્ય ભાષાઓની સાથે બંગાળીનો ઉપયોગ ફરજિયાત કરવા નોટિસ આપી હતી, પરંતુ આ આદેશનો અમલ કરવામાં આવ્યો ન હતો. હોવાનું જાણવા મળ્યું છે.

# રાજ્યના ૨.૭૫ કરોડ લોકોનું e-KYC પૂર્ણ; ૧૦૦૦ નવી આધારકિટ એક્ટિવ કરાશે

### "માય-રેશન એપ" દ્વારા મોબાઈલથી ઘેર બેઠા e-KYC થઈ શકે છે




અમદાવાદ, તા.૫

સરકારી અનાજ સહિત વિવિધ સરકારી સ્કીમોનો લાભ મેળવવા માટે રેશનકાર્ડને આધારકાર્ડ સાથે લિંક કરવા માટે સરકાર દ્વારા ચોક્કસ સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. તેવામાં રાજયમાં ઊઠેલી ફરિયાદો વચ્ચે નાગરિકો સરળતા અને ઝડપથી e-KYC કરી શકે તે માટે પુરવઠા વિભાગની ટીમોને વધુ કાર્યરત કરાઈ છે. સાથે જ અધિકારીઓ દ્વારા સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું હોવાનું જણાવતા. અન્ન-નાગરિક પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાના મતે રાજયમાં કુલ ૨.૭૫ કરોડ લોકોના e-KYC કરવામાં આવ્યા છે. કુંવરજી બાવળીયાએ જણાવ્યું છે કે, રાજ્યમાં ૧.૩૮ કરોડ નાગરિકોએ ઘરે બેઠા માય-રેશન એપ થકી, જ્યારે ગ્રામ પંચાયત સ્તરે VCE દ્વારા ૧.૦૭ કરોડ નાગરિકોનું e-KYC કરવામાં આવ્યું છે. આમ, માયરેશન એપ, ગ્રામ પંચાયત, જનસેવા કેન્દ્રો, પોસ્ટ ઓફિસ, બેંક, આંગણવાડી વગેરેના માધ્યમથી અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૨.૭૫ કરોડથી વધુ નાગરિકોનું e-KYC સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યુ છે. આ સાથે હાલમાં રાજયમાં જનસેવા કેન્દ્રો હસ્તક ૫૪૬, ગ્રામ પંચાયતોમાં ૫૦૬, શિક્ષણ વિભાગ પાસે ૨૨૬, આંગણવાડીમાં ૩૧૧ તેમજ પોસ્ટ-બેંક હસ્તક ૨,૭૮૭ થઈને કુલ ૪,૩૭૬ જેટલી આધારકીટ કાર્યરત છે. એ જ રીતે eKYCમાં નાગરિકોને વધુ સરળતા રહે તે માટે નવી ૧,૦૦૦ આધારકીટ એક્ટિવ કરવાનું આયોજન કરાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પુરવઠા વિભાગ હેઠળ e-KYC થાય છે, પરંતુ તેનો સંપૂર્ણ આધાર UID એટલે કે આધારકાર્ડ ઉપર છે. આધાકાર્ડના નામ-અટકમાં સુધારો ન થાય ત્યાં સુધી e-KYC થતું નથી. આધારકાર્ડનું કામ GAD પ્લાનિંગ તરફથી થાય છે. આધારકાર્ડની કીટની સંખ્યા વધારવા અને કીટના પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે ગાંધીનગર ખાતે કંટ્રોલરૂમ પણ કાર્યરત છે. આ ઉપરાંત જિલ્લા કલેક્ટરોને પોસ્ટ અને બેંક સાથે સંકલન કરીને આધારકીટ કાર્યરત રાખવા અને સતત મોનીટરીંગ કરવાની આયોજન વિભાગ તરફથી સૂચના આપવામાં આવી છે. તેમ પણ મંત્રીએ જણાવ્યું છે.

## અમેરિકા અને કેનેડાની સરહદ ગેરકાયદે ઓળંગવાના ૨૨% કેસ ભારતીયોના

(એજન્સી) તા.૫

કેનેડા અને અમેરિકાની સરહદ પર ભારતીય ઈમિગ્રન્ટ્સ દ્વારા ગેરકાયદેસર રીતે ઘૂસણખોરીના બનાવોમાં વધારો થયો છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ બોર્ડર એન્ડ કસ્ટમ્સ (યુએસસીબીપી)ના ડેટા અનુસાર, તાજેતરના વર્ષોમાં ભારતીય ઈમિગ્રન્ટ્સની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. આ મુદ્દો અમેરિકાના ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોની સરકારો વચ્ચેનો મુખ્ય દ્વિપક્ષીય મુદ્દો બની રહ્યો છે. USCBP અનુસાર, ૨૦૨૨માં ૧૦૯,૫૩૫ લોકોએ અમેરિકામાં ગેરકાયદેસર પ્રવેશ કરવાનો પ્રયાસ કર્યો, જેમાં ભારતીયોનો હિસ્સો ૧૬% હતો. ૨૦૨૩ માં, આ આંકડો ૩૦,૦૧૦ પર પહોંચ્યો, જે કુલ ૧૮૯,૪૦૨ સ્થળાંતરનો ૧૬% હતો. ૨૦૨૪માં અત્યાર સુધીમાં કુલ ૧૯૮,૯૨૯માંથી ૨૨% ૪૩,૭૬૪ ભારતીયોએ ગેરકાયદે પ્રવેશ કરવાનો પ્રયાસ કર્યો છે. આ આંકડાઓ માત્ર પકડાયેલા પરપ્રાંતીયો પૂરતા જ મર્યાદિત છે, જ્યારે કે જેઓ શોધી શક્યા નથી તેમની સંખ્યા વિશે હજુ સુધી કોઈ માહિતી નથી. વોશિંગ્ટન સ્થિત નિસ્કાનેન સેન્ટરના અહેવાલ મુજબ કેનેડા ભારતીય ઈમિગ્રન્ટ્સ માટે અનુકૂળ પ્રવેશ સ્થળ બની રહ્યું છે. આનું કારણ એ છે કે કેનેડિયન વિઝા પ્રક્રિયા ૭૬ દિવસમાં પૂર્ણ થાય છે જ્યારે યુએસ વિઝા માટે એપોઈન્ટમેન્ટ મેળવવામાં લગભગ એક વર્ષનો સમય લાગી શકે છે. વધુમાં, યુએસ-કેનેડા સરહદ લાંબી અને પ્રમાણમાં ઓછી સુરક્ષિત છે, જે તેને સ્થળાંતર કરનારાઓ માટે સરળ માર્ગ બનાવે છે. અહેવાલ મુજબ પંજાબથી આવતા સ્થળાંતરકારોની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે.

# કોન્ટેન્ટ ક્રિએટરો સોશિયલ મીડિયામાંથી કેવી રીતે કમાય છે ? તમે પણ કરી શકો છો કમાણી. જાણો કઇ રીતે ?

**ઘણા બધા કોન્ટેન્ટ ક્રિએટર્સના ઘર જ આ કમાણી ઉપર ચાલે છે અને એટલું જ નહીં તેઓ છેલ્લા એક દાયકામાં ગાડીબંગલાવાળા થઈ ગયા છે. તેના ઉદાહરણો તમે જો આવો કોન્ટેન્ટ ક્રિએટર્સના વીડિયો જોતા હશો તો આઈડિયા હશે જ. મોટા કોન્ટેન્ટ ક્રિએટર્સ તો લાખ્ખો અને કરોડોની કમાણી યુટ્યુબ અને ફેસબુકના માધ્યમથી કરે છે. સોશિયલ મીડિયા નાણાં તો આપે છે પરંતુ તેના માટે કોઈપણ કોન્ટેન્ટ બનાવી દેવું તેવો મત ના રાખવો જોઈએ. બને ત્યાં સુધી કંઈક અલગ, જાણકારીથી ભરપૂર અને કળા દર્શાવી શકાય તેવું હોવું જોઈએ. હવે તો એક એકથી ચડિયાતા ક્રિએટર્સ આવ્યા હોવાથી સ્પર્ધા પણ બહુ છે. આથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પણ જોવે છે કે કોનું કોન્ટેન્ટ સારૂં છે અને નિયમિત જોવાય છે તેને જ તેઓ પ્રમોટ કરે છે.**


મિત્રો અગાઉના અંકમાં આપણે કોન્ટેન્ટ ક્રિએટરો કેવી રીતે થોડા જ સમયમાં અત્યંત સફળ થયા અને કરોડો રૂપિયાની કમાણી કરે છે તેના વિશે વાત કરી હતી. તેઓ ટૂંક સમયમાં કેવી રીતે સફળ થયા તે બાબતે કેટલાક કોન્ટેન્ટ ક્રિએટરોની વાતો રજૂ કરી હતી. આ લેખ પછી સ્વાભાવિક રીતે જ તમને પ્રશ્ન થતો હશે કે આપણે પણ આવું કાંઈક શરૂ કરીને કમાણી કરીએ તો કેવું? આ બાબતે ઘણા વાચક મિત્રોના પ્રશ્ન પણ આવ્યા હતા. મિત્રો આ અગાઉ સોશિયલ મીડિયાનું માધ્યમ કેટલું અસરકારક, મજબૂત અને પ્રભાવશાળી છે તે જણાવ્યું હતું. સોશિયલ મીડિયામાં શરૂઆત કેવી રીતે કરી શકાય તે બાબતે પણ ચર્ચા કરી ગયા છે. તો ચાલો આજે આપણે સોશિયલ મીડિયામાંથી કમાણી કેવી રીતે કરી શકાય તેની વાત કરીશું. લેખને છેક સુધી વાંચજો. તેના આધારે તમે પણ ધીરે ધીરે શરૂઆત કરી શકો છો.

**સોશિયલ મીડિયામાં મોનેટાઇઝેશન**

મિત્રો આપણે અગાઉ ચર્ચા કરી ગયા છે કે કોણ સોશિયલ મીડિયામાં જોડાઈ શકે છે. પરંતુ અહીં તમને ટૂંકમાં માહિતી આપું છું કે, સોશિયલ મીડિયામાં વીડિયો બનાવવા માટે કોઈપણ જાતની ઉંમર, જાતિ, ધર્મ, જ્ઞાતિ, નાણાકીય સ્થિતિ, ભૌગોલિક સ્થિતિ કે પુરૂષ કે સ્ત્રીનો બાધ નડતો નથી. ખાલી એક જ વસ્તુર જરૂરી છે તમારામાં રચનાત્મકતા હોવી જરૂરી છે અને તમારૂં કોન્ટેન્ટ લોકોને ગમે તેવું અને લોકપ્રિય થાય તેવું જોઈએ. તે કોઈપણ જાતનું હોવું જોઈએ. તો ચાલો આપણે સૌ પહેલા સોશિયલ મીડિયામાં સૌથી લોકપ્રિય શબ્દ 'મોનેટાઈઝેશન' વિશે જાણીએ. મોનેટાઈઝેશન એટલે કે જેમાંથી આવકની પ્રવૃત્તિ અથવા તો જેમાંથી આવક મળી રહે તે. તમે કોઈપણ સોશિયલ મીડિયામાં એકાઉન્ટ શરૂ કર્યું હોય અને કોન્ટેન્ટ ક્રિએટ કરતા હોય તો તમારા મોનેટાઈઝેશન માટે અમુક ક્રાઈટેરીયા પૂર્ણ કરવાના હોય છે.

જો તે ક્રાઈટેરીયા પૂર્ણ થાય તો તમે મોનેટાઈઝેશન માટે માન્ય છો તેનો મેસેજ સોશિયલ મીડિયા એપ્લિકેશનમાંથી જ આવે છે ત્યારબાદ તમે સ્ટેપ બાય સ્ટેપ આગળ વધી શકો છો. તમારૂ એકાઉન્ટ મોનેટાઈઝેશન માટે મંજૂર થઈ જાય પછી તમને આવક મળવાની શરૂ થઈ જાય છે. જો ડોલરમાં હોય છે. તમારૂ કોન્ટેન્ટ કેટલા લોકોએ જોયું છે અને તેમાં આવતી જાહેરાત કેટલા લોકોએ ક્લીક કરી છે અને જોઈ છે તેના આધારે તમને રેવન્યુ એટલે કે પૈસા આપવામાં આવે છે. જે તમારા બેંક ખાતામાં જમા થાય છે. ઓછામાં ઓછા ૧૦૦ ડોલરની આવક થાય ત્યારબાદ તેને દર મહિનાના અંતે ભારતીય ચલણમાં કન્વર્ટ કરીને આપવામાં આવે છે. આમ તમે કમાણી કરી શકો છો.

**કયા સોશિયલ મીડિયામાંથી સૌથી વધુ કમાણી થાય છે?**




અત્યારે ટેક્સટ કોન્ટેન્ટ કરતા વીડિયો અને ફોટોગ્રાફ કોન્ટેન્ટ ખૂબ જ ચાલે છે. કોન્ટેન્ટ ક્રિએટરોને કમાણી કરાવવામાં યુટ્યુબ ચેનલ અગ્રેસર અને અગ્રણી છે. જ્યારે કોઈ વીડિયો પ્લેટફોર્મ નહોતું ત્યારે યુટ્યુબ દ્વારા વીડિયો પ્લેટફોર્મ શરૂ કરવામાં આવ્યું હતું અને એટલું લોકપ્રિય થયું હતું કે આજે લાખ્ખોની સંખ્યામાં કોન્ટેન્ટ ક્રિએટર્સ તેમાં જોડાયા છે અને કમાણી કરી રહ્યા છે. તેઓ તેને મોનેટાઈઝેશન પાર્ટનરશીપ પ્રોગ્રામ કહે છે. તેમાં એલિજીબલ થાવ તો તમને કમાણી થાય છે. એલીજીબીટીમાં મુખ્યત્વે અમુક સંખ્યામાં સબસક્રાઈબર્સ, વ્યુઝ અને વોચ અવર્સ એટલે કે કેટલા કલાક સુધી અને કેટલા સમયમાં જોવાયા તે બાબતોનો સમાવેશ થાય છે. જો આ ક્રાઈટેરીયા ફુલફીલ થાય તો તમને પાર્ટનરશીપ પ્રોગ્રામમાં જોડાવા માટે આમંત્રણ મળે છે જે તમે સ્વેચ્છાએ જોડાઈ શકો છો.

યુટ્યુબની ભવ્ય સફળતા જોઈને ફેસબુક દ્વારા 'ફેસબુક વોચ' નામનું વીડિયો પ્લેટફોર્મ બનાવવાનું શરૂ કર્યું હતું. તેમાં પણ છૂટથી રીચ (એકાઉન્ટ હોલ્ડર સુધી પહોંચાડવા) આપવાનું અલગોરીધમ સેટ કર્યું હોવાથી કોન્ટેન્ટ ક્રિએટર્સને મઝા પડી ગઈ. આથી યુ ટ્યુબના કોન્ટેન્ટ ક્રિએટર્સ ફેસબુક વોચ પ્રોગામમાં પણ જોડાયા. તેના પણ એલિજીબિલિટીના ક્રાઈટેરીયા હતા. તે શરૂઆતમાં સરળ હોવાથી કોન્ટેન્ટ ક્રિએટર્સને લાખ્ખોની સંખ્યામાં વ્યુઝ અને ફોલોઅર્સ મળવા લાગ્યા. એટલું જ નહિ સાથે સાથે ઢગલાબંધ કમાણી પણ થવા લાગી. આથી હવે તમને એમ થાય કે સોશિયલ મીડિયા તમને આવક કેવી રીતે આપે છે? તો તેના જવાબમાં જણાવવાનું કે તમે જયારે વીડિયો બનાવો ત્યારે તેની શરૂઆત અને અધવચ્ચે કોઈ બ્રાન્ડની જાહેરાત ચાલતી હોય છે. વળી વીડિયોના નીચેના ભાગે પણ બ્રાન્ડની જાહેરાતની પટ્ટી હોય છે. આથી જો તમારો વીડિયો જાહેરાત સાથે જોવામાં આવે અને લોકો આ જાહેરાતની પટ્ટી ઉપર ક્લીક કરે ત્યારે વ્યુઝ અને ક્લીકના આધારે યુ ટ્યુબ અને ફેસબૂક દ્વારા બ્રાન્ડ પાસેથી ચાર્જ વસૂલવામાં આવતો હોય છે. આ ચાર્જના જે નાણાં મળે તેમાંથી કોન્ટેન્ટ ક્રિએટર્સને ભાગ આપવામાં આવે છે. આથી સોશિયલ મીડિયામાંથી કમાણી થાય છે. હાલના સોશિયલ મીડિયાના સૌથી લોકપ્રિય પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ દ્વારા રીલ ઉપર 'બોનસ' પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો હતો. તેના આધારે કમાણી થતી હોય છે. પરંતુ હાલમાં તે બંધ કરી દોવામાં આવ્યો છે.

**આવકના બીજા માધ્યમ**

આ ઉપરાંત ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જે બન્ને એક જ કંપની દ્વારા ચલાવવામાં આવે છે તેઓ સબસ્ક્રીપ્શન અને ડોનેશન પ્રોગ્રામ પણ ચલાવવામાં આવે છે. સબસ્ક્રીપ્શન પ્રોગામ એટલે એવું કે અમુક નાણાં લઈને કોન્ટેન્ટ ક્રિએટર્સ પોતાનું સબસ્ક્રીપ્શન ક્રિએટ કરી શકે છે. જે સબસ્ક્રાઈબર્સને તમારૂ કોન્ટેન્ટ ગમતું હોયતેને પ્રાયોરિટી અને પ્રેફરન્સ આપવા માટે તમને તેની પાસેથીર માસિક કે વાર્ષિક સબસ્ક્રીપ્શન એમાઉન્ટ લઈ શકો છો. આથી તમામ વીડિયો તેમને પહેલા જોવા મળે છે. વળી તેમના માટે ખાસ ઓફર્સ અને કોન્ટેન્ટ તૈયાર કરવામાં આવે છે. અમુક બીજા ખાસ લાભો જેવા કે કોઈ ઓનલાઈન કોર્ષ કે ઓફર્સમાં વિશેષ લાભ મળે છે. આ ઉપરાંત સ્ટાર્સ, ગિફટસ અને બોનસના માધ્યમથી સબસ્ક્રાઈબર દ્વારા તેઓને વધુ સારૂ કોન્ટેન્ટ બનાવીર શકે તે માટે ડોનેશન કે ગિફ્ટ મની મોકલી શકે છે. આથી તે રીતે પણ કમાણી થાય છે. બીજી બાજુ વધુ એક લોકપ્રિય પ્લેટફોર્મ 'X' કે જે પહેલા ટ્વિટટર તરીકે ઓળખાતું હતું. તેમણે પણ પોતાના કોન્ટેન્ટ ક્રિએટર્સ માટે મોનેટાઈઝેશન પ્રોગ્રામ શરૂ કર્યું છે. તેમાં પણ ક્રાઈટેરીયા મુજબ વીડિયો તથા અન્ય કોન્ટેન્ટ ઉપર આવક મળી શકે છે. આ ઉપરાંત લિકડઈન જેવા પ્લેટફોર્મને પણ તમને આવકનું સાધન બનાવી શકો છો.

**ઓરિજીનલ અને ક્રિએટીવ કોન્ટેન્ટ જરૂરી**

મિત્રો સોશિયલ મીડિયા નાણાં તો આપે છે પરંતુ તેના માટે કોઈપણ કોન્ટેન્ટ બનાવી દેવું તેવો મત ના રાખવો જોઈએ. બને ત્યાં સુધી કંઈક અલગ, જાણકારીથી ભરપૂર અને કળા દર્શાવી શકાય તેવું હોવું જોઈએ. હવે તો એક એકથી ચડિયાતા ક્રિએટર્સ આવ્યા હોવાથી સ્પર્ધા પણ બહુ છે. આથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પણ જોવે છે કે કોનું કોન્ટેન્ટ સારૂં છે અને નિયમિત જોવાય છે તેને જ તેઓ પ્રમોટ કરે છે. આથી યોગ્ય કોન્ટેન્ટ હોવું અત્યંત જરૂરી છે. આથી કમાઈ લેવું સહેલું નથી તેની પાછળ ખૂબ મહેનત અને એકથી વધુ વ્યક્તિની ટીમ કામ કરે છે. આથી એવું કોન્ટેન્ટ બનાવો કે જે હિટ જાય અને છેવટે તમને કમાણી થાય. આજકાલ ઘરે ઘરે કોન્ટેન્ટ ક્રિએટર્સ થઈ ગયા છે અને સોશિયલ મીડિયાને જરૂર છે કદાચ તેના કરતા વધારે ક્રિએટર્સ થઈ ગયા છે. આથી તેઓ સારા કોન્ટેન્ટને જ આગળ કરે છે. આથી યોગ્ય કામ કરવું જરૂરી છે. ઘણા બધા કોન્ટેન્ટ ક્રિએટર્સના ઘર જ આ કમાણી ઉપર ચાલે છે અને એટલું જ નહિ તેઓ છેલ્લા એક દાયકામાં ગાડી-બંગલાવાળા થઈ ગયા છે. તેના ઉદાહરણો તમે જો આવો કોન્ટેન્ટ ક્રિએટર્સના વીડિયો જોતા હશો તો આઈડિયા હશે જ. મોટા કોન્ટેન્ટ ક્રિએટર્સ તો લાખ્ખો અને કરોડોની કમાણી યુટયુબ અને ફેસબુકના માધ્યમથી કરે છે.

### નિઃસ્વાર્થ સેવા અને સમર્પણને વધાવતો વિશ્વનો એક અભૂતપૂર્વ વિરાટ કાર્યક્રમ

# ૭ ડિસેમ્બરે અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં બી.એ.પી.એસ. સંસ્થાના આંતરરાષ્ટ્રીય 'કાર્યકર સુવર્ણ મહોત્સવ'ની ચરમસીમા રૂપ ભવ્ય ઉજવણી થશે

### આદિવાસીઓથી લઈને વિશ્વના અનેક દેશો સુધી વ્યાપેલી બી.એ.પી.એસ. સંસ્થાની વૈશ્વિક સામાજિક અને આધ્યાત્મિક સેવાઓમાં સમર્પિત એક લાખથી વધુ નિઃસ્વાર્થ કાર્યકરોનું થશે અભિવાદન

### ૨૦૦૦થી વધુ સ્વયંસેવક પર્ફોર્મર્સના વિરલ સમન્વય દ્વારા થશે એક ઐતિહાસિક પ્રસ્તુતિ, સનાતન સંસ્કૃતિના જતન માટે સમાજને નિઃસ્વાર્થ સેવાભાવી કાર્યકરોની ભેટ ધરનાર પ્રમુખસ્વામી મહારાજને તેમના જન્મદિને અપાશે વિશિષ્ટ ભાવાંજલિ અપાશે








(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૫

**બી.એ.પી.એસ કાર્યકર સુવર્ણ મહોત્સવ– પૂર્વભૂમિકા**

ગુજરાતનાં આદિવાસી ક્ષેત્રોથી લઈને અમેરિકા ખંડ સુધી વિસ્તરેલી બી.એ.પી.એસ.. સ્વામિનારાયણ સંસ્થાની, અનેકવિધ સામાજિક કે આધ્યાત્મિક સેવા પ્રવૃત્તિઓની આધારશિલા છે બી.એ.પી.એસ. સંસ્થાના સમર્પિત કાર્યકરો.નિષ્ઠા, સમર્પણ, ભક્તિ અને સેવાની લગનીથી છલકાતા કાર્યકરો જ્યાં હોય ત્યાં પ્રત્યેક કાર્યમાં એક આગવો પ્રભાવ નીખરી ઊઠે છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા તેનું એક જ્વલંત ઉદાહરણ પૂરૂં પાડે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયથી આ નિઃસ્વાર્થ સેવાની સરવાણી અવિરત વહી રહી છે. સન ૧૯૦૭માં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની સ્થાપના થયા બાદ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં આ સત્સંગ-કાર્યકરો દ્વારા સેવાની પ્રવૃત્તિઓ અહોરાત્ર ગતિમાન હતી જ, પરંતુ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે દીર્ઘદષ્ટિથી ૧૯૭૨માં આયોજન કરીને કાર્યકરોનું એક વિધિવત્ માળખું સ્થાપિત કર્યું હતું. એ વાતને આજે ૫૦ વર્ષનો સમય વીતી ગયો છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના પ્રચંડ પુરૂષાર્થથી બી.એ.પી.એસ. સંસ્થાના લાખો સ્વયંસેવકો અને એક લાખથી વધુ રજિસ્ટર્ડ કાર્યકરોનું એક વૈશ્વિક વૃંદ તૈયાર થયું છે.

આ કાર્યકરોની નિઃસ્વાર્થ સેવાઓને બિરદાવવા માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની નિશ્રામાં જાન્યુઆરી ૨૦૨૪માં સુરત ખાતે ગૌરવવંતા 'બી.એ.પી.એસ. કાર્યકર સુવર્ણ મહોત્સવ' પર્વનો મંગલ આરંભ કરવામાં આવ્યો હતો. આ મહોત્સવના ઉપક્રમે સંસ્થાના અનેકવિધ કેન્દ્રોમાં મે તથા જૂન મહિના દરમિયાન સંયુક્ત-યુવા-બાળ-મહિલા-યુવતી-બાલિકા પ્રવૃત્તિના કાર્યકરોને નવાજતા અનેક કાર્યકર અભિવાદન સમારોહ દબદબાભેર યોજાયા હતા.

**'કાર્યકર સુવર્ણ મહોત્સવ' વિષયક પૂર્વ તૈયારીઓ :**

● છેલ્લા ત્રણ મહિનાથી કુલ ૩૩ જેટલા સેવાવિભાગો અને ૧૦,૦૦૦ જેટલા સ્વયંસેવકો સેવારત.

● સ્ટેડિયમમાં ગુજરાત તેમજ ભારતના વિવિધ પ્રાંતોમાંથી આવનાર કાર્યકરોના હજારો વાહનોના પાર્કિંગ માટે રિવરફ્રન્ટ આગળ સુંદર આયોજન, કાર્યકરોને પાર્કિંગ સ્થળ અને સ્ટેડિયમ સુધી પહોંચવા, ટ્રાફિક નિયમન કરવા સ્વયંસેવકો સજ્જ રહેશે.

● આશરે ૭૫,૦૦૦ જેટલાં કાર્યકરો બસોના નિર્ધારિત ક્રમ અનુસાર સ્ટેડિયમમાં બપોરે ૧ વાગ્યા સુધીમાં પોતાનું સ્થાન લઈ લેશે.

**'કાર્યકર સુવર્ણ મહોત્સવ' ગ્રાન્ડ ફિનાલે કાર્યક્રમ વિષયક:**

● એક લાખથી વધુ રજિસ્ટર્ડ કાર્યકરો

● વિશ્વના ૩૦ દેશોમાં સેવારત BAPS કાર્યકરોનું થશે આગમન

● ૨૦૦૦થી વધુ પર્ફોર્મર્સ

● બી.એ.પી.એસ.ના સારંગપુર (બોટાદ), રાયસણ અને શાહીબાગ ખાતે છેલ્લાં બે મહિનાઓથી તૈયારી.

● કાર્યક્રમમાં ઉપયોગમાં લેવામાં આવનાર પ્રોપર્ટીઝને ભારે રિસર્ચ બાદ બનાવવામાં આવી. રાયસણમાં ૩૪ એકરની જગ્યામાં વર્કશોપ ઊભું કરાયું.

● પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને ભારતના માનનીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ, ગુજરાતના માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત અનેક નેતાઓ, મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

● ૭ ડિસેમ્બર અને શનિવારે સાંજે ૫.૦૦ થી ૮.૩૦ મસુધી ચાલનાર આ રંગારંગ કાર્યક્રમની મુખ્ય થીમ ત્રણ વિભાગમાં અદભૂત પ્રસ્તુતિ દ્વારા વ્યક્ત થશેઃ (૧) બીજઃ છેલ્લાં ૧૦૦ કરતાં વધુ વર્ષોથી આરંભાયેલી આ સ્વયંસેવક પરંપરાનું બીજારોપણ અને તેના પોષણની રજૂઆત આ વિભાગમાં થશે. (૨) વટવૃક્ષઃ એક નાના બીજમાંથી વટવૃક્ષ બનેલી આ સ્વયંસેવક-સેવાઓ ભારત અને વિશ્વભરમાં કેવી રીતે વ્યાપી અને અનેક વિપરીત સંજોગોના વાવાઝોડા વચ્ચે પણ કર્તવ્યનિષ્ઠ રહેનાર કાર્યકરોની રોમાંચક ગાથાઓ આ વિભાગમાં પ્રસ્તુત થશે. (૩) ફળઃ આ કાર્યકરોની નિઃસ્વાર્થ સેવાઓનાં મીઠાં ફળ સમાજના કરોડો લોકો માણી રહ્યા છે, તેની દિલધડક પ્રસ્તુતિ આ વિભાગમાં માણવા મળશે.

● ખાસ ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમમાં બી.એ.પી.એસ.સ્વામિનારાયણ સંસ્થાના ફક્ત રજિસ્ટર્ડ કાર્યકરો માટે જ સ્ટેડિયમની બેઠક વ્યવસ્થાની બધી જ ક્ષમતા આરક્ષિત કરવામાં આવી હોવાથી, દેશ-વિદેશના લાખો ભક્તો-ભાવિકો પોતાના ઘરે અથવા મંદિરોના સભાગૃહોમાં જીવંત પ્રસારણ દ્વારા આ કાર્યક્રમને માણશે. આસ્થા ચેનલ અને ક્ષ્નૈંદ્રી.ન્હ્ર્ટ્ઠજ.ષ્નિ તથા અન્ય પ્રસાર માધ્યમો દ્વારા આપ અભૂતપૂર્વ કાર્યક્રમને ઘરે બેઠાં માણી શકશો.

**બી.એ.પી.એસ.ના કાર્યકરોની અવિરત સેવાઓની એક આછેરી ઝલક :**

બી.એ.પી.એસ. સંસ્થાના એક લાખ જેટલાં કાર્યકરો કરોડો માનવ-કલાકો પ્રતિવર્ષ નિઃસ્વાર્થ સેવામાં આપે છે. સંસ્થાની કરોડરજ્જુ સમાન આ કાર્યકરો દ્વારા બી.એ.પી.એસ.ની સેવાપ્રવૃતિઓમાં પ્રદાનની એક ઝાંખી અત્રે પ્રસ્તુત છેઃ

●**બાળ – યુવા – મહિલા ઉત્કર્ષ કેન્દ્રોઃ** ૨૧,૦૦૦ બાળ – યુવા –મહિલા મંડળોમાં પ્રતિવર્ષ લાખો સભાઓ દ્વારા આધ્યાત્મિક, નૈતિક, પારિવારિક મૂલ્યો અને સનાતન સંસ્કૃતિના પવિત્ર વારસાનું સિંચનકરવામાં આ કાર્યકરો પોતાનું અમૂલ્ય યોગદાન આપી રહ્યા છે.

આ ઉપરાંત વિરાટ પાયે વ્યસનમુક્તિ અભિયાન, પારિવારિક એકતા અભિયાન, સ્વચ્છતા અભિયાન, હોસ્પિટલોમાં બીમાર દર્દીઓ માટે પ્રાર્થના યજ્ઞો, વગેરે અનેક સેવાકાર્યોનું તેઓ વહન કરે છે.

● **શૈક્ષણિક સેવાઓઃ** સેંકડો સુવિધાસજ્જ અદ્યતન શૈક્ષણિક સંકુલોમાં હજારો વિદ્યાર્થીઓને સંસ્કારયુક્ત શિક્ષણ તેમજ વ્યવસાયલક્ષી માર્ગદર્શન આપીને કાર્યકરો તેમની ઉજ્જ્વળ કારકિર્દીનું ઘડતર કરે છે.

● **રાહત સેવાઓઃ** આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્યરૂપે સેંકડો નૂતન શાળાઓનું નિર્માણ, કુલ ૨૫ ધ્વસ્ત ગામો-વસાહતો દત્તક લઈને તેનું પુનઃનિર્માણ, પ્રાકૃતિક આપત્તિઓનાં પ્રસંગોએ ૨૦૦૦થી વધુ ગામડાઓમાં રાહતસેવા– આવી અનેક સેવાઓ કરીને આ કાર્યકરોએ સમાજને હંમેશાં સુખ -દુઃખમાં પોતાનો સાથ આપ્યો છે. કોવિડ મહામારી હોય કે રેલ-હોનારતો હોય, યુક્રેન-રશિયા યુદ્ધ સમયે ભારતીય વિદ્યાર્થીઓને કટોકટીના સમયમાં સહાય હોય, સુનામીની ગોઝારી ઘટના હોય કે ભૂકંપની ભયાનક યાતના હોય, પ્લેગ જેવા રોગચાળાની ભરમાર હોય કે ભયંકર દુષ્કાળના ઓળા હોય - બી.એ.પી.એસ.ના આ કાર્યકરો ખડે પગે સેવામાં તૈયાર રહ્યા છે.

● **તબીબી સેવાઓઃ** કુલ ૭ જેટલી આધુનિકતમ હોસ્પિટલોમાં સારવાર, ૧૨ ફરતાં દવાખાનાઓ દ્વારા પ્રતિવર્ષે લાખો દર્દીઓની નિઃશુલ્ક સારવાર, રોગનિદાન યજ્ઞો અને રકતદાન યજ્ઞો દ્વારા સેવાની અવિરત શૃંખલા. દેશ-વિદેશમાં અનેક હોસ્પિટલોમાં આર્થિક અનુદાનો. આવી વિવિધ તબીબી સેવાઓમાં કાર્યકરો તત્પર રહે છે.

● **સ્વામિનારાયણ અક્ષરધામ અને સંસ્કારધામ–મંદિરોના નિર્માણઃ** ગાંધીનગર, દિલ્લી અને રૉબિન્સવિલ, ન્યૂજર્સીના સ્વામિનારાયણ અક્ષરધામ જેવા મહામંદિરો હોય કે પછી લંડનનાવિશ્વવિખ્યાત મંદિરથી લઈને અબુધાબીનું પ્રસિદ્ધ બી.એ.પી.એસ.હિન્દુ મંદિર હોય, વિશ્વભરમાં બી.એ.પી.એસ.ના ૧૮૦૦ કરતાં વધુ સંસ્કારધામ-મંદિરો કાર્યકર્તાઓના અકલ્પનીય સમર્પણના સાક્ષી છે. તાજેતરમાં અમેરિકામાં નિર્મિત ભારતીય સંસ્કૃતિનું અદ્વિતીય સ્મારક સ્વામિનારાયણ અક્ષરધામ, ૧૨,૫૦૦ કરતાં વધુ નવયુવાન સ્વયંસેવકો- કાર્યકરોએ નિર્માણમાં જોડાઈને ક્યારેય ન રચાયો હોય તેવો ઈતિહાસ સર્જી દીધો હતો.

● **વિરાટ સાંસ્કૃતિક મહોત્સવોઃ** ડિસેમ્બર-૨૦૨૨ થી જાન્યુઆરી-૨૦૨૩ સુધી અમદાવાદના આંગણે ૬૦૦ એકરમાં આયોજિત પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં ૮૦,૦૦૦ જેટલાં સ્વયંસેવકોએ તેઓના પુરૂષાર્થ અને સમર્પણથી એક અભૂતપૂર્વ ઈતિહાસ રચી દીધો, જેની વિશ્વપ્રસિધ્ધ મેનેજમેન્ટ સંસ્થા આઈ.આઈ.એમ અમદાવાદ દ્વારા પણ ત્રણ કેસ સ્ટડીઝ લોન્ચિંગ દ્વારા તાજેતરમાં નોંધ લેવામાં આવી હતી. આવા અનેકવિધ મહોત્સવોમાં બી.એ.પી.એસ.ના કાર્યકરોએ અભૂતપૂર્વ સેવાઓ કરી નિઃસ્વાર્થ સેવાનો અનોખો આદર્શ પૂરો પાડ્યો છે.


● **આદિવાસી સેવાઓઃ** ૨૦૦૦થી વધુ ગામોમાં આદિવાસી ઉત્કર્ષ પ્રવૃત્તિઓ, આદિવાસી ગામોમાં હજારો બાળ-યુવા-સંયુક્ત સભાઓ દ્વારા સંસ્કાર સિંચન, આદિવાસી પરિવારોની શૈક્ષણિક અને તબીબી સેવાઓના વિવિધ પ્રકલ્પોમાં કાર્યકારોનું સમર્પણ વંદનીય રહ્યું છે.


● **પ્રતિભાવિકાસ પર્વોઃ** છેલ્લાં ૨૫ વર્ષોથી યુવતીઓના વ્યક્તિત્વ વિકાસ માટે યોજાતા પ્રતિભા વિકાસ પર્વોમાં લાખો યુવતીઓને સ્વનિર્ભર થવાની તાલીમ આપવામાં આવી છે.

● **પર્યાવરણીય સેવાઓઃ** નર્મદા યોજના વિષયક જનજાગૃતિ અને કાર્યક્રમો, અનેક વૃક્ષારોપણ અભિયાનો, સ્વચ્છતા અભિયાનો, જળસંચય અભિયાનો વગેરે પ્રકલ્પોમાં આ કાર્યકરોની સેવાઓ નોંધપાત્ર રહી છે.

સામાજિક- પારિવારિક જવાબદારીઓ વચ્ચે અનેકવિધ પ્રવૃત્તિઓમાં સેવા આપતા આ નિઃસ્વાર્થ કાર્યકરો, બી.એ.પી.એસ.ની સેંકડો સેવાપ્રવૃત્તિઓનું એક ગૌરવભર્યુ સુવર્ણ પૃષ્ઠ છે. ગુરુવર્યોના નિઃસ્વાર્થ પ્રેમથી અંકુરિત થયેલું બી.એ.પી.એસ. કાર્યકર પ્રવૃત્તિનું બીજ આજે વટવૃક્ષ બનીને સમગ્ર વિશ્વમાં ફેલાઈ ગયું છે અને વિશ્વના કરોડો લોકો આ વટવૃક્ષના મધુર ફળોનો આસ્વાદ માણી રહ્યા છે.

## બે વર્ષમાં બે મોટા હુમલા બાદ અદાણી જૂથ વધુ મજબૂત, બર્નસ્ટીન રિપોર્ટ : માર્કેટ કેપ ૧૪ લાખ કરોડ રૂપિયાને પાર!




(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૫

શોર્ટ સેલર હિંડનબર્ગના અદાણી ગ્રૂપ સામે ગંભીર આરોપો અને ત્યારબાદ ૨૧ નવેમ્બર,૨૦૨૪નો યુએસ વહીવટી તંત્રનો હુમલો. લગભગ બે વર્ષમાં બે મોટા હુમલા અને તેમાંથી અદાણી ગ્રૂપની રિકવરી. તાજેતરમાં બર્નસ્ટીને અદાણી ગ્રુપ પર આ બે હુમલાઓની અસરનું વિશ્લેષણ કર્યું છે. તેમાં એ જણાવવામાં આવ્યું છે કે કેવી રીતે અદાણી ગ્રુપે જોખમોને નિયંત્રિત કરી નોંધપાત્ર સુધારા કર્યા.

India Infra: Adani Group - What is different this time?ના નામે જારી કરાયેલા અહેવાલમાં બર્નસ્ટીને જણાવ્યું છે કે પ્રથમ હુમલા પછીના બે વર્ષમાં અદાણી જૂથનું દેવું, ગીરવે મૂકેલા શેર, વેલ્યુએશન અને લીવરેજના પરિમાણોમાં જબરદસ્ત સુધારો થયો છે. અગાઉની સરખામણીમાં જોખમો કયા સ્તરે છે તેનું પણ મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

બર્નસ્ટીને અદાણી ગ્રુપની ત્રણ કંપનીઓ અદાણી ગ્રીન, અદાણી પોર્ટ્સ અને અંબુજા સિમેન્ટને આવરી લીધી છે. બર્નસ્ટીને કહ્યું છે કે તાજેતરની ઘટનાઓ બાદ પણ અદાણી ગ્રુપની આ ત્રણેય કંપનીઓના રેટિંગમાં કોઈ ફેરફાર થયો નથી. બર્નસ્ટીને અદાણી ગ્રૂપને ઘણા માપદંડો પર તપાસ્યા બાદ કહ્યું છે કે શોર્ટ સેલર્સના હુમલા દરમિયાન જે જોખમો હતા તેમાં મોટા પ્રમાણમાં સુધારો થયો છે.

**ગીરવે મુકેલા શેર્સમાં ઘટાડોઃ**

બર્નસ્ટેઈને જણાવે છે કે શોર્ટ-સેલર હિંડનબર્ગ રિસર્ચ સામેના આરોપો દરમિયાન, ગીરવે મૂકેલા શેરો વિષે મોટી ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. હવે તમામ કંપનીઓના પ્લેજડ શેર્સમાં ઘટાડો થયો છે. બર્નસ્ટીન કહે છે કે આ એક એવો વિસ્તાર છે જ્યાં છેલ્લા દોઢ વર્ષમાં અદાણી ગ્રુપે મહત્વપૂર્ણ પગલાં લીધા છે.

તેમણે જણાવ્યું છે કે અદાણી પાવરમાં પ્લેજ ૨૫% થી ઘટીને ૧% થઈ ગયો છે, જ્યારે અદાણી પોર્ટ્સ પાસે ૧૭% પ્લેજ શેર હતા, જે હવે શૂન્ય થઈ ગયા છે. પ્લેજડ શેરના રિડેમ્પશનમાં આટલી મોટી સફળતા મળી છે. તો બીજી તરફ સમગ્ર ગ્રૂપમાં પ્રમોટર્સનું હોલ્ડિંગ પણ વધ્યું છે.

**દેવાંમાં ઝડપથી ઘટાડોઃ**

અદાણી ગ્રૂપે પણ તેના દેવાંમાં ઝડપથી ઘટાડો કર્યો છે. બર્નસ્ટીનના અહેવાલમાં જણાવાયુ છે કે શોર્ટ સેલરની ઘટના બાદ, EBITDAમાં વધારા સાથે, જૂથનું 'નેટ ડેટ ટુ EBITDA' ઝડપથી સુધર્યું છે. માર્ચ ૨૦૨૩માં નેટ ડેટ ટુ EBITDA રેશિયો ૪.૪ હતો, જે સપ્ટેમ્બર ૨૦૨૪માં વધીને ૨.૭ થયો છે. આવું એટલા માટે થયું કારણ કે જેમ જેમ કામ ઝડપથી વધતું ગયું તેમ તેમ તેમ નફો પણ વધ્યો. છેલ્લા કેટલાક વર્ષોમાં અદાણી ગ્રુપે બેંકો પાસેથી લોન લેવાને બદલે બોન્ડ દ્વારા નાણાં એકત્ર કરવાનો માર્ગ અપનાવ્યો છે.

### ટોરેન્ટ ગ્રુપના યુ.એન.એમ. ફાઉન્ડેશન આયોજિત

## અભિવ્યક્તિની છઠ્ઠી આવૃત્તિમાં શાસ્ત્રીય અને સમકાલીન નૃત્યના સમન્વયે બુધવારની સાંજને જીવંત બનાવી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૫

ટોરેન્ટ ગ્રૂપના મહેતા પરિવાર પ્રેરિત યુ.એન.એમ. ફાઉન્ડેશનની પહેલ એવા અભિવ્યક્તિ- ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની છઠ્ઠી આવૃત્તિમાં મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને રાજસ્થાનથી આવેલ કલાકારો દ્વારા અદભૂત જીવંત પ્રસ્તુતિઓ દ્વારા બુધવારની સાંજને જીવંત બનાવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ભારતના બે સૌથી પ્રતિષ્ઠિત શાસ્ત્રીય નૃત્ય સ્વરૂપો કથક અને ભરત નાટ્યમની મનમોહક પ્રસ્તુતિ રજુ કરવામાં આવી હતી. સાથે જ પરંપરાગત શોકેસમાં આધુનિક ટચ સાથે પ્લેટફોર્મ પરફોર્મન્સ પર હિપ-હોપની ગતિશીલ સ્ટ્રીટ ડાન્સ પ્રસ્તૃતિએ બુધવારની સાંજને એક અલગ રંગ આપ્યો હતો.

નૃત્ય પ્રસ્તૃતિઓ ઉપરાંત સપ્તાહના પ્રારંભે પોતાની પ્રસ્તૃતિ મંચ ઉપર રજુ કરી ચુકેલ કલાકારો દ્વારા નાટક અને સંગીતની પ્રસ્તૃતિઓ રજુ કરવામાં આવી હતી. અટીરા અને ગુજરાત યુનિવર્સિટી એમ બંને સ્થળે વિવિધ કલાકારોની પ્રસ્તૃતિઓ સમયે દર્શકોમાં અનેરો ઉત્સાહ જુવા મળતો હતો. દર્શકોએ સાંસ્કૃતિક સમૃદ્ધિ અને કલાત્મકતાના સંગમ સમાન ઉત્કૃષ્ટ પ્રસ્તૃતિઓ રજુ કરનાર કલાકારોની કલા અને તેમના સમર્પણને ખુલ્લા મને વખાણી હતી.

## માણાવદરમાં ભુગર્ભ ગટરના સંમ્પના ગંદા પાણી નદીના જળને અશુધ્ધ કરે છે

માણાવદર તા. ૫

માણાવદરમાં છેલ્લા કેટલાક સમયથી પાલિકાના ભુગર્ભ ગટરનો સંમ્પ સ્મશાન ગૃહ પાસે જ છે ત્યાંથી નકળો તો એટલી દુર્ગંધ ફેલાય છે. અધુરામાં પુરૂં સંમ્પનું ભુગર્ભ ગટરનું પાણી શુધ્ધ નદીના જળમાં ભળે છે અને નદીના પાણીને ગંદુ કરે છે તે બાબત વહીવટદાર કમ મામલતદારના ધ્યાને કેમ આવતી નથી? તેવી આમ જનતામાં ચર્ચા થઈ રહી છે. જોવાની ખુબી એ છે કે, મામલતદાર કમ વહીવટદારને સ્મશાનગૃહમાં હાલત ખરાબ દેખાય છે પરંતુ સ્મશાન ગૃહ પાસેજ ગટરના ગંદા પાણી કેમ દેખાતા નથી? તેમજ દગડ ડેમ પાસે પણ ખુલ્લામાં મૃત ઢોર વાડાની આજુબાજુ ભયંકર દુર્ગંધ ફેલાય છે તે રોડ ઉપર પણ નીકળી શકાતું નથી તેવી સ્થિતી છે જે સ્થળની પણ વહીવટદારશ્રીએ મુલાકાત લેવી જોઈએ. ઉપરોકત બંને પ્રશ્નોએ તાત્કાલીક ઉકેલ લાવવામાં આવે તેવી આમ જનતામાંથી માંગણી ઉઠવા પામી છે.

## જૂનાગઢમાં હઝરત હાજીપીર બાપુના ઉર્ષ નિમિતે શાનદાર જલ્સાનું આયોજન

જૂનાગઢ તા. ૫

જૂનાગઢમાં ઢાલરોડ ખાતે આવેલ મશહુર ઔલિયા હઝરત હાજીપીર બાપુનો ઉર્ષ દર વર્ષની જેમ આ વર્ષે પણ આગામી શુક્રવારે ભારે ઉત્સાહ પુર્વક મનાવવામાં આવશે. શુક્રવારે રાત્રે ઈશાની નમાઝ બાદ હઝરત ગુલઝાર બાપુ નુરીના પ્રમુખ સ્થાને શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં હઝરત મુફતી હસીબુર્રહમાન નૂરી તકરીર ફરમાવશે. જૂનાગઢમાં પ્રથમ વખત પધારી રહેલા જનાબ મુહંમદ ઓવૈસ કુરેશી (સાવરકુંડલા) તેમના મધુર કંઠે નાતે રસુલ તથા મનકબત પેશ કરશે. આ ઉર્ષ શરીફના ભવ્ય જલ્સામાં મૌલાના સૈયદ સાજીદબાપુ, મૌલાના અલીમોહંમદ પલેજા, હાફીઝ કારી મો.સાબીર રઝા, મૌલાના સૈયદ મહેબુબઅલી, હાફીઝ સૈયદ અનવરહુસૈન તેમજ જૂનાગઢના અન્ય ઉલેમાએ કિરામ તેમજ મસ્જીદના ઈમામ ખાસ હાજરી આપશે. રાત્રે સલાતો સલામ અને દુઆ બાદ આમ ન્યાઝનું પણ આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે તમામ મુસ્લીમ બિરાદરોને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા દરગાહના ખાદિમ મો.હનીફભાઈ બંગાલી રેસ્ટોરન્ટવાળાની યાદીમાં અનુરોધ કરવામાં આવેલ છે.

# વિશ્વ જમીન દિવસ - ૫ ડિસેમ્બર : "સ્વસ્થ ધરા, ખેત હરા"ના મૂળમંત્રને ચરિતાર્થ કરતી "સોઇલ હેલ્થ કાર્ડ યોજના"



## છેલ્લા બે દાયકામાં ગુજરાતના ખેડૂતોને ૨.૧૫ કરોડ જેટલા સોઈલ હેલ્થ કાર્ડનું વિનામૂલ્યે વિતરણ કરાયું : સોઈલ હેલ્થ કાર્ડ યોજના થકી ગુજરાતના અનેક ખેડૂતોએ પોતાની બિન-ખેતીલાયક જમીનને ખેતીલાયક બનાવી : કૃષિ મંત્રી રાઘવજી પટેલ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૫

જમીન એ ખોરાક, પાણી અને પોષણ માટેનો મુખ્ય સ્રોત છે. એટલા માટે જ, મનુષ્ય જીવનને ટકાવી રાખવામાં જમીનનું મહત્વ અનન્ય છે. જમીનની ગુણવત્તા જાળવી રાખવા તેમજ જમીન સંરક્ષણની જરૂરિયાત અંગે લોકજાગૃતિ કેળવવા દર વર્ષે ૫ ડિસેમ્બરને "વિશ્વ જમીન દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે વિશ્વ જમીન દિવસની ઉજવણી "જમીનની સંભાળ: માપ, દેખરેખ, વ્યવસ્થા" થીમના આધારે કરવામાં આવી રહી છે. જમીન ઉપર થતી ખેતી એ જીવસૃષ્ટિના આહારનો મુખ્ય સ્ત્રોત છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી પ્રદૂષણ, ખારાશ અને આડેધડ રસાયણોના ઉપયોગથી અનેક હેક્ટર ખેતી લાયક જમીન બંજર બની રહી હતી. ગુજરાતના અનેક વિસ્તારોમાં પણ આ સમસ્યા ઉદભવી રહી હતી. આ સમસ્યાના સમાધાન માટે એક નવતર અભિગમના ભાગરૂપે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩-૦૪માં 'સોઈલ હેલ્થ કાર્ડ યોજના' અમલમાં મૂકી હતી. જમીન તંદુરસ્તીની અગત્યતાને પારખીને આ પ્રકારની અનોખી યોજના અમલમાં મૂકવા વાળું ગુજરાત દેશનું સૌપ્રથમ રાજ્ય બન્યું હતું.

**કેવી રીતે બને છે સોઇલ હેલ્થ કાર્ડ?**

ખેતી લાયક જમીનનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે સોઈલ હેલ્થ કાર્ડ યોજના અંતર્ગત નિયત પદ્ધતિથી ખેડૂતોના ખેતરમાંથી જમીનનો નમૂનો લઈને તેને પૃથ્થકરણ માટે જમીન ચકાસણી પ્રયોગશાળામાં મોકલવામાં આવે છે. જ્યાં, આ નમૂનાનું પૃથ્થકરણ કરી તેના આધારે સોફ્ટ્વેર આધારીત સોઈલ હેલ્થ કાર્ડ તૈયાર કરવામાં આવે છે. આ કાર્ડમાં વિવિધ તત્વોનું પ્રમાણ દર્શાવવામાં આવે છે, જેના આધારે ખેડૂતોને જમીનમાં પ્રાપ્ત તત્વો માટે ક્યાં પ્રકારના અને કેટલા પ્રમાણમા ખાતરો વાપરવા, તેની ભલામણ સહ સોઈલ હેલ્થ કાર્ડ તૈયાર કરી ખેડૂતોને વિનામૂલ્યે આપવામાં આવે છે. આવું કરવાથી ખેતરમાં નાખવામાં આવતા બિન જરૂરી કેમિકલયુક્ત ખાતરનો ઉપયોગ મર્યાદિત થાય છે.

**સોઈલ હેલ્થ કાર્ડથી ખેતી ખર્ચ ઘટ્યો**

કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે પોતાના વિચારો રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના ખેડૂતો પોતાની જમીનને ઓળખીને યોગ્ય માવજત અને યોગ્ય સારવાર આપી શકે તેમજ યોગ્ય સમયે યોગ્ય પાકનું આયોજન કરી શકે તે માટે સોઈલ હેલ્થ કાર્ડ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. સોઈલ હેલ્થ કાર્ડ યોજના હેઠળ લાભ મેળવી ગુજરાતના અનેક ખેડૂતોએ પોતાની બિન ખેતીલાયક જમીનને ખેતી લાયક બનાવી છે. જ્યારે, રસાયણોના જરૂરિયાત પ્રમાણે ઉપયોગથી ખેડૂતોનો ખેતી ખર્ચ પણ ઘટ્યો છે.

**કુલ ૨.૧૫ કરોડ જેટલા સોઇલ હેલ્થ કાર્ડનું વિતરણ**

આ યોજના અમલમાં આવી તેના પ્રથમ તબક્કામાં (વર્ષ ૨૦૦૩-૦૪ થી ૨૦૧૦-૧૧ સુધી) ગુજરાતના ૪૩.૦૩ લાખથી વધુ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ વિતરણ કરવામાં આવ્યા હતા. પ્રથમ તબક્કાના સોઈલ હેલ્થ કાર્ડમાં કુલ ૦૫ તત્વો(N, P, K, pH, EC) નું પ્રમાણ દર્શાવવામાં આવતું હતું. દ્વિતીય તબક્કામાં (વર્ષ ૨૦૧૧-૧૨ થી ૨૦૧૫-૧૬ સુધી) પણ રાજ્યના આશરે ૪૬.૯૨ લાખથી વધુ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યા હતા. દ્વિતીય તબક્કાના સોઈલ હેલ્થ કાર્ડમાં કુલ ૦૮ તત્વો (N, P, K, pH, EC, Fe, Cu, Zn)નું પ્રમાણ દર્શાવવામાં આવ્યું હતું. ગુજરાતમાં મળેલી સફળતા બાદ વર્ષ ૨૦૧૫-૧૬માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશભરમાં "સોઈલ હેલ્થ કાર્ડ યોજના" અમલમાં મૂકી હતી. જે અંતર્ગત તૃતીય તબક્કામાં (વર્ષ ૨૦૧૬-૧૭ થી અત્યાર સુધી) ગુજરાતના અધધ ૧.૨૫ કરોડથી વધુ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે. તૃતીય તબક્કાના સોઈલ હેલ્થ કાર્ડમાં કુલ ૧૨ તત્વો(N, P, K, pH, EC, Fe, Cu, Zn, OC, S, B, Mn)નું પ્રમાણ દર્શાવવામાં આવે છે. જમીનના નમૂનાના પૃથ્થકરણ માટે અત્યારે ગુજરાતમાં કુલ ૨૧ જમીન ચકાસણી પ્રયોગશાળા તેમજ એક સૂક્ષ્મ તત્વ ચકાસણી પ્રયોગશાળા કાર્યરત છે. ગુજરાતના મહત્તમ ખેડૂતો આ યોજનાનો લાભ મેળવીને પોતાની જમીનનું પૃથ્થકરણ કરાવે તે જરૂરી છે. જેથી જમીન અને પાકની જરૂરિયાત અનુસાર જ રસાયણિક ખાતરનો ઉપયોગ થવાથી જમીનનું સ્વાસ્થ્ય લાંબા સમય સુધી જાળવી રાખવામાં સફળતા મળશે. આ ઉપરાંત ગયા આધારિત અને રસાયણમુક્ત પ્રાકૃતિક કૃષિ પણ જમીનની તંદુરસ્તી જાળવી રાખવા માટે શ્રેષ્ઠ વિકલ્પ છે.

# રાજકોટમાં કોલેજની વિદ્યાર્થીનીઓને સાયબર ક્રાઈમ અને ફાઈનાન્સ અવેરનેસ અંતર્ગત વિગતવાર અવગત કરાયા



(પ્રતિનિધી દ્વારા)

રાજકોટ તા. ૫

રાજકોટ જિલ્લા મહિલા અને બાળ કલ્યાણ અધિકારીશ્રી ડોક્ટર જનકસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વીમેન ટીમ દ્વારા માતૃશ્રી વીરબાઈ મહિલા સાયન્સ અને હોમ સાયન્સ કોલેજ ખાતે તારીખ ૪ ડીસેમ્બરના રોજ સાયબર ક્રાઈમ અને ફાઈનાન્સ અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરાયું હતું. જેમાં રાજકોટ સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા ડિજિટલ માધ્યમથી થતા ફ્રોડથી બચવા અંગે માર્ગદર્શન અપાયું હતું. આ ઉપરાંત, સરકારની બચત યોજનાઓ જેમ કે સુકન્યા સમૃદ્ધિ યોજના, પબ્લિક પ્રોવડન્ટ ફંડ વિષે જાણકારી પૂરી પડાઈ હતી. તેમજ સુગમ નિવૃત્તિનું આયોજન, સરકારની એન.પી.એસ. અને અટલ પેન્શન યોજનાનો લાભ, નાણાકીય છેતરામણીથી બચવાના ઉપાય, મ્યુચ્યુઅલ ફંડ, રોકાણ, ડિમેટ અકાઉન્ટ વિષયક ધ્યાનમાં રાખવા જેવી બાબતોની વિગતવાર સમજ અપાઈ હતી. આ કાર્યક્રમનો અંદાજિત ૧૦૦ વિદ્યાર્થીનીઓએ લાભ લીધો હતો. આ તકે જિલ્લા મહિલા અને બાળ કલ્યાણ અધિકારીની કચેરી અને કોલેજનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા ગોંડલ ખાતે સંગઠન પર્વ ૨૦૨૪ અંતર્ગત દ્વિતીય જીલ્લા કાર્યશાળા યોજાઈ



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૫

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ સી.આર. પાટીલ, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીની સૂચના અને પ્રદેશ સહ-ચૂંટણી અધિકારી તથા રાજકોટ જીલ્લા પ્રભારી ધવલભાઈ દવેની ઉપસ્થિતિમાં રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા રાજકોટ જીલ્લા પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાની અધ્યક્ષતામાં માર્કેટિંગ યાર્ડ, ગોંડલ ખાતે સંગઠન પર્વ ૨૦૨૪ અંતર્ગત દ્વિતીય જીલ્લા કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે રાજકોટ જીલ્લા સંગઠન પર્વના ચૂંટણી અધિકારી આશિષભાઈ દવે, જીલ્લા સહ-ચૂંટણી અધિકારી જે.કે.ચાવડા, જીલ્લા સહ-ચૂંટણી અધિકારી પ્રફુલભાઈ ટોળીયા, સૌરાષ્ટ્ર-કચ્છ ઝોનના સંગઠન પર્વના અધિકારી વિશાલભાઈ ભરવાડ, જીલ્લા સહ-ચૂંટણી અધિકારી દીપકભાઈ પીપળીયા, જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયા, ધારાસભ્ય ડો.મહેન્દ્રભાઈ પાડલીયાની ઉપસ્થિતિમાં દ્વિતીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળા અંતર્ગત માહિતી પૂરી પાડતા પ્રદેશ સહ-ચૂંટણી અધિકારી ધવલભાઈ દવે દ્વારા ઉપસ્થિત કાર્યકર્તાઓને આગામી સમયમાં થનાર મંડલ પ્રમુખઓની વરણી માટે ધારાધોરણો અને વયમર્યાદા અંગેનું વિસ્તૃત માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. તેમજ રાજકોટ જીલ્લા સંગઠન પર્વના ચૂંટણી અધિકારી આશિષભાઈ દવે અને જીલ્લા સહ-ચૂંટણી અધિકારી જે.કે.ચાવડાએ અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓની નોંધ લઈને સંગઠન પર્વ કાર્યક્રમ અંતર્ગત માર્ગદર્શન પૂરૂ પાડ્યુંહતું. જીલ્લાની કાર્યશાળામાં જીલ્લા અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા દ્વારા ઉપસ્થિત કાર્યકર્તાનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું અને સદસ્યતા અભિયાન અંતર્ગત રાજકોટ જીલ્લાની શ્રેષ્ઠ કામગીરી માટે કાર્યકર્તાઓનો આભાર અને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ આભારવિધિ જીલ્લા મહામંત્રી રવિભાઈ માંકડિયા દ્વારા કરવામાં આવી હતી. આ જીલ્લા કાર્યશાળા સાંસદઓ, ધારાસભ્યઓ, પ્રદેશ તેમજ જીલ્લા ભાજપના હોદેદારો, મંડલના પ્રમુખ-મહામંત્રીઓ, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, મંડલ સંગઠન પર્વના ઈન્ચાર્જઓ સહિતના જીલ્લા અને મંડલના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા. સમગ્ર કાર્યશાળાનું સંચાલન જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજાએ કર્યું હતું તેમ રાજકોટ જીલ્લા પ્રેસ મીડિયા ઈન્ચાર્જ રાજેશભાઈ ગોંડલીયા અને સહ-ઈન્ચાર્જ પ્રકાશભાઈ સોલંકીની યાદીમાં જણાવે છે.

# ખંભાળિયામાં માનવ સેવા સમિતિ દ્વારા રવિવારે નેત્રયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૫

ખંભાળિયામાં જામનગર હાઈવે ઉપર આવેલી એલ.પી. બદીયાણી હોસ્પિટલ ખાતે માનવ સેવા સમિતિના ઉપક્રમે આગામી રવિવાર તારીખ ૮ ના રોજ સવારે ૯ થી ૧૧:૩૦ વાગ્યા સુધી વિના મૂલ્યે નેત્ર નિદાન, સારવાર, દવા વિતરણ તેમજ શસ્ત્રક્રિયા કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં શિવાનંદ મિશન હોસ્પિટલ - વીરનગરના જાણીતા ડોક્ટરો તેમજ ટેક્નીશિયનો તેઓની સેવાઓ આપશે. અહીં નેત્ર દર્દીઓને સ્થળ પર તપાસી, દવા તેમજ જરૂરી સારવાર આપવામાં આવશે ઓપરેશનની જરૂરિયાત દ્વારા દર્દીઓને વિના મૂલ્યે વીરનગર ખાતે લઈ જઈને ઓપરેશન કરી આપવામાં આવશે.

આ સાથે યોજાયેલા સર્વરોગ નિદાન, સારવાર કેમ્પમાં નિષ્ણાત તબીબ ડો. નિલેશભાઈ રાયઠઠ્ઠા દર્દીઓને તપાસીને દવા આપશે. આ કેમ્પના દાતા તરીકે મિલીન નટવરલાલ રાસ (લંડન)નો સહયોગ સાંપળ્યો છે. આ કેમ્પનો મહત્તમ લાભ લેવા ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારના લોકોને માનવ સેવા સમિતિના પ્રમુખ ધીરેનભાઈ બદીયાણી દ્વારા અનુરોધ કરાયો છે.

# ખંભાળિયામાં રેડ સંસ્થાની વધુ એક સેવા પ્રવૃત્તિઃ વિનામૂલ્યે નિદાન અને ચશ્મા વિતરણ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૫

ખંભાળિયા શહેરમાં સમયાંતરે રક્તદાન સહિતની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરતી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સંસ્થા દ્વારા આગામી રવિવાર તારીખ ૮ ડિસેમ્બરના રોજ સેવાકીય પ્રવૃત્તિઓના ભાગરૂપે વિના મૂલ્યે આંખોની તપાસ તેમજ ચશ્મા વિતરણના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંતર્ગત ગુજરાત રેડક્રોસ સોસાયટીના ચેરમેન અજયભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મધ્યમ અને ગરીબ વર્ગના લોકો માટે આરોગ્ય લક્ષી સેવાકીય પ્રવૃત્તિઓ કરવાના આશય સાથે ખંભાળિયામાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા આગામી રવિવાર તા. ૮ ના રોજ અહીંના જલારામ મંદિર ખાતે સવારે ૯ થી બપોરે ૧૨ વાગ્યા સુધી વિના મૂલ્યે આંખોને તપાસી અને જરૂરિયાતમંદ લોકોને ચશ્મા વિતરણ કરવાના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પનો વધુમાં વધુ લાભ લેવા રેડક્રોસ સંસ્થાના ડિસ્ટ્રિક્ટ ચેરમેન કિરીટભાઈ મજીઠીયા, પ્રોજેક્ટ શૈલેષભાઈ કાનાણી અને ધીરેનભાઈ મોટાણી દ્વારા અપીલ કરવામાં આવી છે.

# જંત્રીનાં ભાવ વધારાને પાછો ખેંચવા માટે રાજકોટ બિલ્ડર એસોસીએશન દ્વારા સરકારશ્રીને રજુઆત કરાશે

(પ્રતિનિધી દ્વારા)

રાજકોટ તા.૫

આપણા દેશની અર્થવ્યવસ્થામાં મહત્વના ભાગનું યોગદાન આપતો બાંધકામ ઉદ્યોગ હાલમાં છેલ્લા ઘણાં મહીનાથી અગમ્ય કારણોસર અને વચ્ચે ઉભી થયેલી અડચણને લીધે મૃતઃપાય અવસ્થામાં આવી ગયેલ છે. બિલ્ડરનાં બિઝનેશને નીચેના મુદ્દાઓથી આવી પૌરસ્થિતી ઉભી થઈ છે જેમાં મુખ્યત્વે જંત્રીનો અવાસ્તવિક અસહ્ય વધારો કે જેને લીધે બાંધકામ ઉદ્યોગ આજે મૃતઃપાય અવસ્થામાં જઈ રહ્યો છે જેને લીધે જંત્રીનો વધારો કોઈપણ સંજોગમાં સ્વીકાર્ય થઈ શકે તેમ નથી. જંત્રીને લીધે નવી શરતની જમીન બીનખેતી કરવા માટે ભરવું પડતું પ્રિમીયમનો બોજો, નવી જંત્રીને લીધે પેઈડ એફ.એસ.આઈ. ની રકમમાં આવતો અસહ્ય વધારો, દસ્તાવેજ માટે ભરવા પાત્ર સ્ટેમ્પ ડ્યુટીમાં વધારો તેમજ જી.એસ.ટી.ની રકમમાં વધારો થાય આ તમામની મોટી અસર સામાન્ય નાર્ગારકો દ્વારા ખરીદ કરવામાં આવતા ફલેટ અથવા તો ટેનામેન્ટની કીંમત ઉપર સીધી જ પડે છે,

તદ્ઉપરાંત પ્લાન પાસ કરવા માટે જરૂરી ફાયર એન.ઓ.સી. આપવામાં આવતા નથી. કંપલીશન સર્ટીફીકેટ માટે જરૂરી ફાયર એન.ઓ.સી. પણ આપવામાં આવતા નથી. ટી.પી. સ્કીમ હેઠળ લાગુ પડતી ૪૦% ની કપાત, કોઈ અગમ્ય કારણોસર રાજકોટમાં નવા પેન તેમજ કંપલીશન સર્ટીફીકેટ લાંબા સમયથી આપવામા આવતા નથી આવા અનેક પ્રશ્નો

સાથે ગુજરાત સરકારશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવશે અને યોગ્ય ઉકેલ લાવવા માંગણી કરવામાં આવશે.

# રેન્જ આઈજી અશોકકુમાર યાદવની અધ્યક્ષતામાં સુરક્ષા સેતુ સોસાયટીની રાજકોટ ગ્રામ્ય કક્ષાની સમીક્ષા બેઠક યોજાઈ



## પોલીસ અને પ્રજા વચ્ચે માહિતી અને વિચારોનું સંકલન કરી પરીણામલક્ષી સેતુ બની સુરક્ષામાં સહયોગી બને : રેન્જ આઈજી

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૫

ગુજરાત રાજ્યમાં તમામ નાગરિકો કોઈ પણ જાતના ભેદભાવ વગર શાંતિથી રહી શકે અને તમામને સમાન તકો મળે તેમજ પોલીસ અને પ્રજા વચ્ચે માહિતી અને વિચારો તેમજ કાર્યવાહીનું સંકલન કરી પોલીસની કામગીરી પરીણામલક્ષી બને તે હેતુથી કાર્યરત સુરક્ષા સેતુ સોસાયટીની રચના કરવામાં આવી છે.

રેન્જ આઈજી શ્રી અશોકકુમાર યાદવની અધ્યક્ષતામાં સુરક્ષા સેતુ સોસાયટીના કમિટીના સભ્યો તેમજ જિલ્લા વિકાસ અધિકારી શ્રી નવનાથ ગવહાણેની ઉપસ્થિતિમાં રાજકોટ ગ્રામ્ય કક્ષાની સમીક્ષા બેઠકમાં વર્ષ દરમ્યાન કરવામાં આવેલી વિવિધ કામગીરીની માહિતી રજુ કરવામાં આવી હતી.

નાયબ રેન્જ આઈ.જી. શ્રી જયપાલસિંહ રાઠોરે કામગીરીનો રિપોર્ટ રજૂ કરતા જણાવ્યું હતું કે, સ્ટુડન્ટ પોલીસ કેડેટ અંતર્ગત જિલ્લામાં ૧૯ એકમમાં જુદી જુદી શાળાઓમાં વર્ષ ૨૦૨૩-૨૪ માં માં ૧૫૭૬ કેડેટ્સને વિવિધ તાલીમ પુરી પાડવામાં આવી હતી. જેમાં સમર કેમ્પમાં શિસ્ત સહિતના વિવિધ ગુણો કેળવાય તે માટે પરેડ, યોગ અને વ્યાયામ થકી માનસિક અને શારીરિક રીતે કેડેટસને મજબૂત કરવાની પ્રવૃત્તિ, વિશિષ્ટ પ્રતિભાઓને બોલાવી તેઓમાં સંસ્કારનું સિંચન થાય તે માટેના કાર્યક્રમ, સાંસ્કૃતિક કાર્યક્રમ, રમત ગમતો થતી માનસિક શારીરિક કૌશલ્ય નિખરે તે માટે પણ બહુવિધ કાર્યક્રમો કરવામાં આવે છે.

મહિલાઓ માટે સ્વરક્ષણની તાલીમ અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ માં ૬૮૧૫ મહિલાઓને બેઝિક તાલીમ, ૧૧૯૭ મહિલાઓને એડવાન્સ તાલીમ તેમજ ૪૬૦ મહિલાઓને તિરંદાજીની તાલીમ આપવામાં આવી હતી. બાળકો પોલીસ સ્ટેશનની કામગીરીથી પરિચિત થાય અને નિર્ભીકપણે પોલીસ સાથે સંવાદ સાધી શકે તે માટે પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવવામાં આવે છે, જેમાં વર્ષ ૨૦૨૩-૨૪ જુદી જુદી શાળાઓના ૧૬૦૦ જેટલા બાળકોએ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધેલી છે.

ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમો અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ માં ટ્રાફિક જાગૃતિ નિયમોના પેમ્પલેટ, ટ્રાફિક નિયમોનું પાલન સહિતના જનજાગૃતિના કાર્યક્રમ,સાયબર ક્રાઈમ અવેરનેસ પ્રોગ્રામ અંતર્ગત શાળા કોલેજ ખાતે વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો માટે અવેરનેસના પ્રોગ્રામના આયોજન કરવામાં આવ્યાં છે. ફરિયાદ માટે ૧૯૦૩ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબરનો પ્રચાર પ્રસાર કરવા માટે બોર્ડ, બેનર, સ્ટીકરના માધ્યમથી પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ભારત સરકાર દ્વારા હાલમાં બહાર પડેલા ત્રણ નવા કાયદાઓનું ભારતીય ન્યાય સહિતા ૨૦૨૩, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩, ભારતીય સાક્ષય અધિનિયમ ૨૦૨૩ અંગે ૪૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને સમજણ આપવામાં આવી હતી.

આ ઉપરાંત જિલ્લામાં સિનિયર સિટીઝનોને પડતી મુશ્કેલીઓ માટે તેઓનું કામ પોલીસ સ્ટેશન ખાતે કરી તેઓની નોંધણી કરવાની કામગીરી કરવામાં આવી હતી. સાથે સુરક્ષા સેતુ દ્વારા કરવામાં આવેલ ખર્ચની વિગતો શ્રી જયપાલસિંહ રાઠોરે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી રજુ કરી હતી.

આ બેઠકમાં સભ્યો સર્વે શ્રી પૂર્વ ધારાસભ્ય શ્રી લાખાભાઈ સાગઠીયા, શ્રી ભાનુભાઈ મેતા, શ્રીમતી મીનાક્ષીબેન સોજીત્રા,શ્રી પંકજભાઈ ચાવ,શ્રી ધીરુભાઈ કોરાટ, રાજકોટ ગ્રામ્ય પોલીસ વિભાગ, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, આર.ટી.ઓ., પ્રાદેશિક માહિતી કચેરી સહીત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ તેમજ પ્રતિનિધીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# સલાયામાં રાસ્તે રમતા બાળકો ઉપર રેંકડી પડી : નાની બાળકી દબાઈ જતા ઈજા



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૫

ખંભાળિયા તાલુકાના ગામે જૂની પોસ્ટ ઓફિસ વિસ્તારમાં રસ્તે રમતા બાળકો ઉપર અહીં રહેલી એક રેંકડી પડવાની ઘટના બની હતી. જેમાં એક બાળકી પર રેંકડી આ રેકડી પડતા તેણીને ઈજાઓ થવા પામી હતી. આ બનાવના સી.સી. ટી.વી. ફૂટેજ જાહેર થયા છે. તેમાં જણાતી ઘટના મુજબ સલાયામાં જૂની પોસ્ટ ઓફિસ વિસ્તારમાં શેરીએ રમતા બાળકો જ્યારે આ રેંકડી પાસે હતા, ત્યારે રમતા રમતા કોઈ કારણોસર રેંકડી ઉંધી પડી હતી અને બાળકોમાં ભાગદોડ મચી જવા પામી હતી. પરંતુ અહીં રહેલી આશરે સાતેક વર્ષની એક બાળકી પણ ઉપર રેંકડી પડતા તેણીને માથાના ભાગે ઈજાઓ થવા પામી હતી. આ બનાવ બનતા બાળકોના દેકારાથી લત્તાવાસીઓ તાકીદે દોડી ગયા હતા અને તેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ બનાવે સ્થાનિકોમાં થોડો સમય દોડધામ પ્રસરાવી હતી.


**નામ બદલાવેલ છે**

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **સુરેશકુમાર ઉકરડા બારૈયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **સુરેશકુમાર ઉકરડા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**સુરેશકુમાર ઉકરડા**

મકાન નં.૨૯૪૧, ખજુરીયા શેરી,

વણાંકબારા-દિવ પીન કોડ નંબર : ૩૬૨૫૨૦

# બ્રહ્મલીન તનસુખગીરી બાપુના અંબાજી મંદિર સ્થિત રૂમમાંથી ૪-૫ કિલો સોનુ, ૧૦-૧૨ કિલો ચાંદી મળી આવી

## ભીડભંજન મહાદેવ મંદિર બાદ અંબાજી મંદિરે વહીવટી તંત્રનું ચેકીંગ : તમામનું લીસ્ટ બનાવી રોજકામ કરાયું

જૂનાગઢ તા.૫

જૂનાગઢનાં ગિરનાર પર આવેલ અંબાજી માતાજીનાં બ્રહ્મલીન મહંત તનસુખગીરી બાપુનાં અવસાન બાદ મંગળવારનાં રોજ સીટી મામલતદારે સાધુ-સંતોની હાજરીમાં જવાહર રોડ સ્થિત ભીડભંજન મહાદેવ મંદિરમાં આવેલ રૂમ ખોલતાં તેમાંથી ૭ તોલું સોનુ, ૧૦ થી ૧૨ લાખ રોકડા અને જથ્થાબંધ ફાઈલો મળી ૧૫ લોકોની ઉપસ્થિતિમાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. જયારે ગઈકાલે વહીવટ તંત્રએ અંબાજી મંદિર સ્થિત તનસુખગીરી બાપુનાં રૂમમાંથી ૪ થી ૫ કિલો સોનુ અને ૧૦ થી ૧૨ કિલો ચાંદી મળી આવી હતી. વહીવટી તંત્રએ મળી આવેલ તમામ ચીજવસ્તુ પંચની રૂબરૂમાં રોજકામ કરી લીસ્ટ બનાવી લીધું છે.

જૂનાગઢમાં ભવનાથ ક્ષેત્રમાં આવેલ અંબાજી મંદિરનાં મહંત મોટાપીરબાવા તનસુખગીરી બાપુ બ્રહ્મલીન થયા બાદ તેની ગાદી-વારસનો વિવાદ સર્જાયો છે. બાદમાં જીલ્લા વહીવટી તંત્રએ બ્રહ્મલીન તનસુખગીરી બાપુ હસ્તકનાં અંબાજી મંદિર, ભીડભંજન મંદિર અને દત્ત શિખરનો કબ્જો લઈ લીધો છે. આ ત્રણેય સ્થાનોમાં વહીવટદારની નિમણુંક કરાઈ છે. બાદમાં ગઈકાલે બુધવારે અંબાજી મંદિર ખાતે વહીવટી તંત્રે ચેકીંગ હાથ ધર્યુ હતું. સીટી મામલતદારે પોલીસ સાથે અંબાજી મંદિરે જઈ તનસુખગીરી બાપુના રૂમમાંથી ૧૦ થી ૧૨ કિલો ચાંદીનાં પુજાનાં વાસણો, આભૂષણો, ચાંદીના ગરબા વગેરે મળી આવ્યા હતાં. જયારે ૪ થી ૫ કિલો સોનાના આભૂષણો મળ્યા હતાં. આ તમામ ચીજવસ્તુનું લીસ્ટ બનાવાયું હતું. બાદમાં પંચની હાજરીમાં રોજકામ કરી તમામ વસ્તુઓને પેટીમાં રાખી સીલ કરવામાં આવેલ છે. જયારે આ કામગીરી હાથ ધરવામાં આવી રહી હતી ત્યારે ઈન્દ્રભારતી બાપુ, મહામંડલેશ્વર મહેન્દ્રાનંદગીરી, યોગીભાઈ પઢીયાર, અસ્તેય પુરોહીત, નાના પીરબાવાના પરીવારજનો તેમજ તનસુખગીરી બાપુનાં પરીવારજનો પણ હાજર હતાં. આમ તનસુખગીરી બાપુનાં બે જગ્યાનાં રૂમમાંથી કરોડો રૂપિયાની મત્તા મળી આવી હતી. હવે ત્રીજી જગ્યા દત્ત શિખરે ચેકીંગ હાથ ધરવામાં આવશે. ગઈકાલે ભારે પવનને કારણે રોપવે બંધ રહેતા કામગીરીમાં વિલંબ થયો હતો. જો કે બપોર બાદ ૨ થી ૭ દરમ્યાન અંબાજી મંદિરે જઈ કામગીરી હાથ ધરાઈ હતી.

# નરેડી ગામનાં સરપંચને કામમાં ગેરરીતિ સબબ ડીડીઓએ હોદા ઉપરથી દૂર કર્યા

## નાણાકીય ચુકાદાના બિલ અને હાજર જથ્થામાં વિસંગતતા જોવા મળી હતી

જૂનાગઢ તા. ૫

વંથલી તાલુકાના નરેડી ગામના સરપંચ પ્રકાશભાઈ કેશવભાઈ દુધાત્રાને કામમાં ગેરરીતિ સબબ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સરપંચના હોદા પરથી દૂર કરાતા ખળભળાટ મચી ગયો છે.આ અંગે વધુ વિગતો મુજબ નરેડી ગામે ૧૫માં નાણાપંચ અંતર્ગત સબમર્સીબલ પંપ સેટ મોટરનો કેબલ તથા મોટરના એચ.ડી.પી.ઈ. પાઈપ બાબતે ગેરરીતીની રજૂઆત મળી હતી. જેની તપાસ કરતા તાંત્રિક અહેવાલની વિગતે મોટરનો કેબલ ૯૬ મીટર તથા એચ.ડી.પી.ઈ પાઈપ ૯૧ મીટર સ્થળ પર કામની તપાસ દરમિયાન જોવા મળેલ છે.

આ કામ માટે ચુકાદા કરેલ બિલની ચકાસણી કરતા મોટરનો કેબલ ૨૫૪ મીટર તથા એચડીપીઈ પાઈપ ૨૫૦ મીટર હોવાનું જોવા મળેલ છે. આમ કેબલ તથા પાઈપલાઈન ના જથ્થા માટે કરવામાં આવેલ નાણાકીય ચુકાદાના બિલ તથા સ્થળ પર હાજર જથ્થામાં ૨૦ વિસંગતતા જોવા મળેલ હતી.

નાયબ જિલ્લા વિકાસ અધિકારી જિલ્લા પંચાયત જૂનાગઢ તારીખ ૪ -૯ - ૨૦૨૪નો અહેવાલ અને તાલુકા વિકાસ અધિકારી જૂનાગઢના ૨૫-૦૭-૨૦૨૪ના અહેવાલ રિપોર્ટ અને સરપંચના લેખિત જવાબને ધ્યાને લઈ ૧૫માં નાણાપંચ અંતર્ગત વંથલી તાલુકાના નરેડી ગામે સબમર્સીબલ પંપસેટ મોટરનો કેબલ તથા મોટરના એચડીપીઈ પાઈપ બાબતે મળેલ રજૂઆત બાબતે તપાસ કરતા અહેવાલની વિગતે મોટરનો કેબલ ૯૬ મીટર તથા એચડીપીઈ પાઈપ ૯૧ મીટર કામની તપાસ દરમિયાન જોવા મળેલ હતા અને ચુકાદાની બિલની ચકાસણી કરતા હોટલનો કેબલ ૨૫૪ મીટર તથા એચડીપીઈ પાઈપ ૨૫૦ મીટર હોવાનું જાણવા મળેલ છે.

આમ કેબલ તથા પાઈપ લાઈનના જથ્થા માટે કરવામાં આવેલ નાણાકીય ચુકાદાના બિલ તથા સ્થળ પર હાજર જથ્થામાં વિસંગતતા જોવા મળતા કામમાં થઈ હોય નરેડીનાં સરપંચ પ્રકાશભાઈ કેશવભાઈ દુધાત્રાને જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન દ્વારા હોદા પરથી દૂર કરવાનો હુકમ કરવામાં આવ્યો છે જેને લઈ તાલુકાના રાજકારણમાં ખડભળાટ મચી જવા પામ્યો છે.

# મનપાની ચૂંટણીના ૬ બેલેટ યુનીટ ૩ કંટ્રોલ યુનીટ રિજેક્ટ

## મનપાની ચૂંટણી માટે ૯૮૦ બીયુ, ૪૫૫ સીયુનું ફર્સ્ટ લેવલ ચેકીંગ પુરૂં થયું ૬ નગરપાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણી માટેના મશીનોનું પણ ચેકીંગ કરાયું

જૂનાગઢ તા. ૫

રાજ્ય સરકાર દ્વારા હજુ નગરપાલિકા કે જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણી જાહેર કરાઈ નથી. પરંતુચૂંટણી જાહેર થાય તે પહેલા ઈવીએમની ચકાસણીની કામગીરી હાથ ધરાઈ છે.આ કામગીરી અંતર્ગત જૂનાગઢ મનપા, ૬ નગરપાલિકા અને તાલુકા પંચાયતની ભવિષ્યમાં યોજાનારી ચૂંટણીને ધ્યાને રાખીને ઈવીએમની ચકાસણી પૂર્ણ કરાઈ છે. આ અંગે સિટી મામલતદાર ખેવન ત્રિવેદીએ જણાવ્યું હતું કે જૂનાગઢ કોર્પોરેશન તેમજ માંગરોળ, માણાવદર, બાંટવા,વંથલી, વિસાવદર અને ચોરવાડ એમ ૬ નગરપાલિકા અને તાલુકા પંચાયતની સંભવિત ચૂંટણીને લઈને રાજકોટથી ઈવીએમ મંગાવ્યા છે.

આ તમામ ઈવીએમના ફર્સ્ટ લેવલ ચેકીંગની કામગીરી હાથ ધરાઈ હતી. આ કામગીરીમાં ૫૦થી વધુ સુપરવાઈઝરો અને મામલતદાર કચેરીનો સ્ટાફ તેમજ બેલ કંપનીના ૬ એન્જીનિયરો જોડાયા હતા. ૩ દિવસ સુધી ચાલેલ ફર્સ્ટ લેવલ ચેકીંગની કામગીરી બુધવાર ૪ ડિસેમ્બરે પૂર્ણ થઈ છે. દરમિયાન કોર્પોરેશનની ચૂંટણી માટે ફાળવેલા ૯૮૦ બીયુ(બેલેટ યુનિટ) અને ૪૫૫ સીયુ (કન્ટ્રોલ યુનિટ)ની ચકાસણી કરાઈ છે. આમાં ૬ બીયુ અને ૩ સીયુ રિજેકટ થયા છે. જયારે નગરપાલિકાઓની ચૂંટણી માટે ૪૬૮ બીયુ અને ૨૩૩ સીયુ ફાળવાયેલા હતા જેનું ચેકીંગ કરાતા ૩ બીયુ અને ૨ સીયુ રિજેક્ટ થાય છે.

જ્યારે તાલુકા પંચાયતની ચૂંટણી માટે ૨૦ બીયુ અને ૨૦ સીયુ ફાળવાયેલા હતા જેનું ચેકીંગ પૂર્ણ થયું છે જેમાં એકપણ બીયુ કે સીયુ રિજેક્ટ થયા છે. હવે તમામ ઈવીએમને વિવેકાનંદ ગ્રાઉન્ડ પાસેની જૂની પોલીટેકનિકમાં સુરક્ષતિ રીતે રાખવામાં આવ્યા છે.

# જૂનાગઢ મનપાએ રૂા. ૧.૩૩ લાખનો વેરો નહીં ભરતા ૪ આસામીની ૭ મિલકતોને ટાંચમાં લીધી : રૂા. ૩.૪૨ લાખની વસુલાત

જૂનાગઢ તા. ૫

જૂનાગઢમાં મનપા દ્વારા મિલકતનાં આસામીઓને વેરા માટે નોટીસ મોકલવામાં આવે છે છતાં પણ આસામીઓ વેરો ન ભરતા મનપાએ કડક પગલા લેવાનું શરૂ કરેલ છે.

૧.૩૩ લાખનો બાકી વેરો ન ભરતા ૪ આસામીની મિલકતોને મહાનગરપાલિકાની ઘરવેરા શાખાએ સીલ મારી દીધું છે. જ્યારે ૭ મિલકતોને ટાંચમાં લેવા ઉપરાંત ૩.૪૨ લાખની વસુલાત કરવામાં આવી છે. જૂનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં રહેતા અનેક આસામીઓ દ્વારા લાંબા સમયથી ઘરવેરો ભરવામાં આવ્યો નથી. ત્યારે આવા આસામીઓની મિલકતોને સીલ મારવા કમિશનર ડો. ઓમ પ્રકાશે સૂચના આપી હતી.

જેને પગલે નાયબ કમિશ્નર ડી.જે. જાડેજાના માર્ગદર્શનમાં આસિસ્ટન્ટ કમિશનર ટેક્ષ કલ્પેશ ટોલીયા, હાઉસ ટેક્ષ સુપ્રિટેન્ડેન્ટ વિરલ જોષી દ્વારા સીલ મારવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. આમાં આસોપાલવ એપાર્ટમેન્ટ, રોયલ એપાર્ટમેન્ટ, દ્વારકાપુરી સોસાયટી વગેરે વિસ્તારના ૪ આસામીઓ મળી કુલ ૧,૩૩,૯૭૦નો ઘરવેરો ભર્યો ન હોવાનું જણાયું હતું. જેથી આ ચારેય આસામીઓની મિલકતોને ઘરવેરા શાખા દ્વારા સીલ મારી દેવાયું છે. જ્યારે ૭ મિકલતોને ટાંચમાં લઈ લીધી છે. ઉપરાંત ૩.૨૦ લાખના વેરાની વસુલાત કરવામાં આવી છે.

# ભુતનાથમાં ચાલી રહેલી ભાગવતરૂપી જ્ઞાનગંગાને ઉપલા દાતારના મહંત ભીમબાપુ દ્વારા સરાહના કરાઈ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૫

જૂનાગઢનો નાથ ભૂતનાથ મહાદેવના પરિસરમાં ચાલી રહેલી શ્રીમદ ભાગવત કથાને શુભકામના પાઠવવા જૂનાગઢની ઉપલા દાતારની ધાર્મિક જગ્યાના મહંત ભીમબાપુના અનુયાયીએ કથા સ્થળે જઈ ભાગવત જ્ઞાન યજ્ઞમાં કથા શ્રવણ કરતા ભાવિકો અને કથાના વ્યાસને બેઠેલા આચાર્ય ડોક્ટર મહાદેવ પ્રસાદ અને કથાના મુખ્ય સંયોજક ભૂતનાથ મંદિરના મહંત મહેશગીરી બાપુનું સાલ ઓઢાડી ઉપલા દાતારની જગ્યાના મહંત ભીમબાપુના પ્રતિનિધિઓએ સ્વાગત સાથે સન્માન કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ઉપલા દાતારની જગ્યાના મહંતો કદી જગ્યા છોડી ક્યાંય જતા નથી તો તેમના વતી તેમના સેવકોએ કથા સ્થળે જઈ અને મહંત અને કથાકારનું સન્માન કર્યું હતું.


શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?

ઓપરેશન કરાવતા પહેલા

આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ

૨૦ વર્ષનાં અનુભવી

કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો

(પચીસ રોગોની કાયાકલ્પ દવા)

હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે

(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)

મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ

(મું. વડાલ વાળા)

ધમાકા એક્ષચેન્જ ઓફર

તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ

આ ઓફર ટુંક સમયમાં માટે જ છે

PARDAWALA

બેડરૂમ સેટ
મોડ્યુલર કિચન
સોફા સેટ
ઓફીસ ફર્નિચર
આકર્ષિત પડદા
વોલપેપર

- શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?

જો હા... તો હવે

જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.

સી.સી. પડદાવાલા

તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫

(ઓફર/સ્કીમ મર્યાદિત સમય માટે.)

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એક્સચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

Kelvinator

બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

Since 1983


શંખ બ્રાન્ડ મસાલા

ગાયત્રી મસાલા

મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો



શ્રી નરેન્દ્રભાઈ મોદી
માનનીય વડાપ્રધાન, ભારત

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

રમશે ગુજરાત... જીતશે ગુજરાત...

ખેલ મહાકુંભ 3.0

રજિસ્ટ્રેશન ૦૫ ડિસેમ્બર થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ સુધી

- ₹ ૪૫ કરોડ સુધીના ઇનામો જીતવાની તક અને અન્ય યોજનાઓનો લાભ
- વિવિધ ૩૯ રમતો
- દિવ્યાંગ ખેલાડીઓ માટે પણ સ્પે. ખેલ મહાકુંભનું આયોજન

"ખેલ મહાકુંભ માત્ર ખેલ પ્રતિભાશોધ માટે નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં રમતના વિકાસનો આધારસ્થંભ બની ગયો છે"

- શ્રી હર્ષભાઈ સંઘવી
માનનીય મંત્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત

ઓનલાઈન રજિસ્ટ્રેશન તથા વધુ વિગતો માટે

વેબસાઈટ : https://khelmahakumbh.gujarat.gov.in | ટોલ ફ્રી : ૧૮૦૦ ૨૭૪ ૬૧૫૧

સ્પોર્ટ્સ ઑથોરિટી ઓફ ગુજરાત
રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર